# બાળદીક્ષાનો જય

પંન્યાસ ઉદયવલ્લભવિજય



# બાળદીક્ષા નો જય

પંન્યાસ ઉદયવલ્લભવિજય



પ્રકાશક
પ્રજ્ઞા પ્રબોધ પરિવાર

- Baal Deeksha No Jay : 2014 - May
- પ્રથમ સંસ્કરણ : વિ. સં. ૨૦૭૦
- પ્રકાશક : **પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**
- મુદ્રક : **પ્રિન્ટવેલ**
  ફોન–૦૯૩૨૨૨૨૫૪૦૮

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી સમકિત યુવક મંડળ**
  રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, રોડ નં. ૭,
  દોલત નગર, **બોરીવલી (પૂર્વ)**, મુંબઈ ૪૦૦૦૬૬.
  ફોન : ૩૨૫૨ ૨૫૦૯
- **મિલનભાઈ**
  આનંદ ટ્રેડલિંક પ્રા. લિ.
  ૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર,
  કોચરબ આશ્રમ સામે, પાલડી – **અમદાવાદ.**
  ફોન : ૨૬૫૮ ૭૬૦૧ / ૨ / ૩
- **શશીભાઈ**
  અરિહંત કટલેરી
  આંબા ચોક પાછળ, **ભાવનગર** – ૩૬૪ ૦૦૧.
  ફોન : ૨૪૩૧૮૪૯
- મૂલ્ય રૂ. ૩૦.૦૦

**સૌજન્ય**

સ્વ. માતુશ્રી કાંતાબેન અવંતીલાલ શાહ
તથા
સ્વ. પિતાશ્રી અવંતીલાલ મોહનલાલ શાહનાં
સ્મરણાર્થે
અમિતાબેન અશ્વિનભાઈ મણિયાર (ગોરેગામ)

# શું બાળક પુખ્ત ન હોઈ શકે?

એક રાજાએ વિદ્વાન પંડિતોની સભા ભરી. તે સભામાં એક નાનકડો બાળક આવી ચડ્યો. પંડિતોને અરુચિ થઈ આવી. રાજાનું ધ્યાન દોર્યું. રાજન! આ વિદ્વાનોની સભા છે. આવી સભામાં બાળક બેસે તે વિબુધ પંડિતોનું અપમાન છે. તે સભામાં ન બેસે તેમાં જ વિદ્વત્-પર્ષદાનું ગૌરવ છે.

રાજાને પંડિતોની વાત જચી. રાજાએ બાળકને કહ્યું :

એ છોકરા! આ પંડિતોની સભા છે. તારા જેવા છોકરડાનું અહિ કાંઈ કામ નથી. તને આ પંડિતોની ચર્ચામાં કાંઈ ગતાગમ નહિ પડે.

ત્યારે એ બાળકે શ્લોકબદ્ધ સંસ્કૃતમાં રાજાને કહ્યું :

बालोऽहं जगदानंद ! न मे बाला सरस्वती ।
अपूर्णे पञ्चमे वर्षे, वर्णयामि जगत्त्रयम् ॥

જગતને આનંદ આપનાર હે રાજન્!

હું બાળક છું તે વાત સાચી, પરંતુ મારી બુદ્ધિ બાળક જેવી નથી. હજુ મને પાંચ વર્ષ પૂરા નથી થયા. હું ત્રણ લોકના સ્વરૂપનું આબેહૂબ વર્ણન કરવા સમર્થ છું.

આ વાત છે પંડિત શંકર મિશ્રની.

આ બાળકના પ્રત્યુત્તરમાંથી એક સરસ નિષ્કર્ષ નિષ્પન્ન થાય છે. બુદ્ધિ અને વય વચ્ચે કાર્ય-કારણભાવ સંકળાયેલો નથી.

પરિશિષ્ટ પર્વ નામના ગ્રન્થમાં કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે બાળદીક્ષિત મનક મુનિનું ચરિત્ર આલેખ્યું છે. આચાર્ય શ્રી શય્યંભવસૂરિજી આ આઠ વર્ષના બાળકને દીક્ષા પ્રદાન કરે છે, તે વાત તેમણે આ શબ્દોમાં વર્ણવી છે :

सर्वसावद्यविरतिप्रतिपादनपूर्वकम् ।
तमबालधियं बालं सूरिर्व्रतमजिग्रहत् ॥
(પરિશિષ્ટ પર્વ-સર્ગ ૫ શ્લોક ૮૦)

આચાર્ય શ્રી શય્યંભવસૂરિજીએ સર્વ વિરતિનું સ્વરૂપ બરાબર સમજાવ્યા પછી બુદ્ધિથી પુખ્ત (બાળ નહીં) તેવા બાળકને દીક્ષાનું દાન કર્યું.

આ શ્લોકમાંથી બે સુંદર ફલિતાર્થ પ્રગટ થાય છે.

ગીતાર્થ આચાર્ય ભગવંત કોઈને પણ દીક્ષા આપે તો દીક્ષાનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યા વગર દીક્ષા આપતા નથી. તેનો અર્થ એ થયો કે, દીક્ષા લેનારને દીક્ષા લેતા પૂર્વે દીક્ષામાર્ગનું યથાર્થ સ્વરૂપ ખ્યાલમાં જ હોય છે. દીક્ષા જીવનની શું દિનચર્યા હોય, કેવા કષ્ટો હોય, કેવા વ્રતો પાળવાના હોય, કેવો વિનય જાળવવાનો હોય અને કેવી મર્યાદામાં રહેવાનું હોય તેની પૂરેપૂરી સભાનતા સાથે જ કોઈ પણ વ્યક્તિ દીક્ષા લે છે, પછી ભલે ને દીક્ષા લેનાર દેખાવથી બાળક પણ હોય!

અને, બીજી વાત :

માત્ર વયથી, કદથી કે લોક-વ્યવહારથી બાળક હોય પરંતુ, બુદ્ધિથી-સમજણથી અને વિવેકથી પુખ્ત જણાય તેવા બાળકને જ ગીતાર્થ મહાપુરુષો દીક્ષા આપતા હોય છે.

તેથી, બીજા શબ્દોમાં કહી શકાય કે બાળદીક્ષા શબ્દ જ નિરવકાશ છે. કારણ કે, જૈન શાસનમાં બાળકની દીક્ષા ક્યારેય થતી જ નથી. જેનામાં વિનય, વિવેક અને વૈરાગ્ય પૂરબહારમાં ખીલેલા હોય છે, તેને જ દીક્ષા અપાય છે. તેવાને બાળ કેવી રીતે કહેવાય?

સામાન્યથી બાલ્યવય સાથે જેમ નિર્દોષતા, નિર્દંભતા, નિર્ગ્રંન્થતા (કોઈ પણ વાતની ગાંઠ ન વાળવી તે નિર્ગ્રંન્થતા; બીજા બાળક સાથે ઝગડો થયો હોય તોય પાંચ મિનિટમાં ફરી તે બાળક સાથે રમવા લાગશે. તે ગાંઠ નહિ વાળે કે આની સાથે ક્યારેય નહિ રમું.) જેવા ગુણો પ્રાયઃસંકળાયેલા હોય છે, તે જ પ્રમાણે કેટલીક બાળસહજ મર્યાદાઓ પણ બાળકમાં પ્રાયઃ હોય છે.

ચંચળતા, જીદ, બાલિશતા, અગાંભીર્ય, અવિવેક, અનૌચિત્ય, બિન-વ્યાવહારિકતા, પોતાના માટેનો નિર્ણય લેવા બાબતમાં પણ પરાવલંબિતા વગેરે વગેરે.

અહીં 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ એટલા માટે કર્યો છે કે કેટલાક બાળકો આ નિયમમાં અપવાદ હોય છે.

આદ્ય શંકરાચાર્યે ૮ વર્ષની ઉંમરે ચાર વેદ ભણી લીધા હતા.

અમેરિકાના એરિઝોનાની 3 વર્ષની બાલિકા એલેક્સી માર્ટિનનું IQ લેવલ આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેટલું એટલે કે ૧૬૦ પોઈન્ટ છે. સરેરાશ માણસનો IQ ૧૦૦ હોય છે. વિશ્વભરમાં સૌથી વધુ IQ ધરાવતા ટોચના બે ટકા લોકોને જેમાં પ્રવેશ મળે છે તે મેન્સા ક્લબમાં તેને પ્રવેશ મળ્યો છે.

બુદ્ધિ, બળ, કળા, કૌશલ્ય, જ્ઞાન, અભિનય,

સંગીત, રમત-ગમત, લેખન કવિત્વ, પરાક્રમ, વિક્રમ કે આધ્યાત્મિક સાધના અને આધ્યાત્મિક ઉપલબ્ધિ આદિ કોઈ પણ ક્ષેત્રમાં વડીલોની ઇજારાશાહી નથી. નાની વયના બાળકો પણ દરેક ક્ષેત્રમાં અસાધારણ સફળતા સંપ્રાપ્ત કરી શકે છે.

ચાર વર્ષનો બુધીયા નામનો બાળક જગન્નાથપુરીથી માત્ર ૭ કલાકમાં ૬૫ કિ.મી. ચાલીને ભુવનેશ્વર પહોંચ્યો !

આ પુસ્તકના વિદ્વાન લેખક પંન્યાસ પ્રવર શ્રી ઉદયવલ્લભવિજયજીએ આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રના અઢળક બાલ-પરાક્રમીઓની સચોટ વિગતો રજૂ કરી છે, જે વાંચતા મુખમાંથી શબ્દો સરી પડે અહો આશ્ચર્યમ્ ! અહો બાલત્વમ્ !

ખલિલ જિબ્રાને ૧૪ વર્ષની ઉંમરે The Profet નામના વિશ્વપ્રસિદ્ધ મહાગ્રન્થની રચના કરી હતી.

'જાગ્યા ત્યારથી સવાર'- કહેવત શું માત્ર વયસ્ક વ્યક્તિઓ માટે જ સર્જાયેલી છે ? કોઈ ૬૦ વર્ષે સમજણ કે વૈરાગ્ય પામે તો તેની સવાર ત્યારે ઊગે અને કોઈ બાલ્ય વયમાં સાચી સમજણ પામી જાય તો શું તેની સવાર વહેલી ન ઊગે ?

નિદ્રાની બાબતમાં વિચારીએ તો જાગવાનો આદર્શ સમય ક્યો ? વહેલી સવારનો. બપોરે ૧૨ વાગે કે ૨ વાગે કોઈ નિદ્રામાંથી જાગે તો તેને એદી કે પ્રમાદી કહેવાય. છતાં, ત્યારે પણ જાગે તો તેની સવાર ભલે ૧૨ કે ૨ વાગે પડે, પરંતુ ખરેખર સવારના સમયે એટલે કે ૬-૭ વાગે કોઈની સવાર પડે ત્યારે તેની સામે વાંધો

લેનારને કેવો કહેવો ?

સવાર પડવાનો સાચો સમય ૬-૭ વાગ્યાનો છે. સંન્યાસ લેવાની આદર્શ ઉંમર ૮ વર્ષની છે. પરંતુ, આ આદર્શને બહુ જ વિરલ અને વિશિષ્ટ વ્યક્તિઓ આંબી શક્તી હોય છે. તેવી વિરલ અને વિશિષ્ટ વ્યક્તિઓ સન્માનનું પાત્ર છે. તેને વિવાદનું કારણ બનાવનારને જ "બાલ" કહેવા વધારે ઉચિત ગણાય. વાસ્તવમાં બાળદીક્ષા એ બાળદીક્ષા નથી હોતી – (પરિપક્વ દીક્ષા હોય છે.) પરંતુ, બાળદીક્ષાનો વિરોધ એ બાળ-વિરોધ (સમજણ વગરનો વિરોધ) હોય છે.

તેથી જ લેખકશ્રીએ બાળદીક્ષા અંગે પ્રવર્તતી ગેરસમજ, અણસમજ, કે અર્ધસમજનું નિરાકરણ કરવાનો આ પુસ્તકમાં સમર્થ પ્રયત્ન કર્યો છે, જે સફળ પ્રયત્ન પુરવાર થશે તેવો દૃઢ વિશ્વાસ છે.

બાળદીક્ષાના વિરોધ માટે વપરાતું એક બુઠ્ઠું શસ્ત્ર એટલે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ.

બાળકોના હિત અને અધિકારોની રક્ષા માટે ઘડાયેલા આ કાયદામાં એકે ય કલમ એવી નથી કે જે બાળદીક્ષા માટે કાયદાકીય અવરોધરૂપ બની શકે. સ્વ-પર દર્શન સાથે વર્તમાન પ્રવાહો અને સંબંધિત કાયદાઓનું વિશદ જ્ઞાન ધરાવનાર પંન્યાસજીએ પ્રસ્તુત કાયદાના દરેક અવયવનું એક નિષ્ણાંત એડવોકેટની જેમ અને છતાં એક ડોક્ટરની અદાથી એવું પોસ્ટમોર્ટમ કર્યું છે અને પુરવાર કર્યું છે કે આખા કાયદામાં બાળ-દીક્ષાનુ મારણ કરે તેવી એક પણ વિષકણી પડેલી નથી.

લેખકશ્રીએ બંધારણની ૨૫મી કલમનો સંદર્ભ

ટાંકીને દીક્ષાને બાળકનો મૂળભૂત ધાર્મિક અધિકાર ગણાવી, તે અધિકાર ઝૂંટવવા મેદાને પડનારને ચીમકી પણ આપી છે. અને, National charter નો સંદર્ભ ટાંકીને બાળકમાં રહેલી કોઈ પણ સુષુપ્ત શક્તિને પ્રોત્સાહન આપવાના તે ચાર્ટરના વિધાન રજૂ કરીને સફળ રીતે પુરવાર કર્યું છે કે, બાળદીક્ષાને માત્ર શાસ્ત્રનું જ સમર્થન નથી, ભારતના બંધારણનું અને બાળકોના હિત અંગેના National charter નું પણ સમર્થન છે.

કેન્દ્ર કે રાજ્યની ચાઈલ્ડ પોલિસી મુખ્યત્વે બાળકોના સંરક્ષણ અને કાળજી (Protection and care taking) ના ઉદ્દેશને વરેલી છે.

બાળમુનિનું સંરક્ષણ અને કાળજી જૈન સંઘ, શ્રાવકો અને ગુરુ ભગવંતો દ્વારા કેવી સરસ થાય છે તે વાત સચોટ રીતે આલેખવામાં આવી છે.

ઘરમાં રહેતા કોઈ પણ બાળક કરતાં બાળદીક્ષિત બાળમુનિનું સંરક્ષણ અને કાળજી ઘણા વધારે સારી રીતે થાય છે તે દીવા જેવી સ્પષ્ટ વાત છે.

કોઈ પણ બાળક ૨૪ કલાકમાંથી કેટલા કલાક પોતાના મા-બાપની નજર નીચે રહે છે? સ્કુલ, ક્લાસ, ટ્યુશન વગેરેનો બોજો વેંઢારવામાં બાળકના ૮-૧૦ કલાક નીકળી જાય છે. જ્યારે બાળદીક્ષિત બાળમુનિ તો ૨૪ કલાક પોતાના ગુરુના શીતલ સાંનિધ્યમાં આતમ-મસ્તી માણતા હોય છે.

બાળક કોને કહેવાય? આ પાયાના પ્રશ્નને મુનિશ્રીએ સારી રીતે છેડ્યો છે. CRC (Convention on the Rights of the Child) પણ બાળકની સર્વક્ષેત્રમાન્ય

વ્યાખ્યા કરી શક્યું નથી, પરંતુ, આની વ્યાખ્યા જૈન શાસ્ત્રકારો કેવી રીતે લખે છે તે માટે ઓઘનિર્યુક્તિ, નિશિથ સૂત્ર વગેરે ગ્રંથોના આધાર ટાંકી "બાળક" ની વ્યાખ્યાને સ્પષ્ટ કરી છે.

આ દ્વારા યુક્તિથી તેમણે શાસ્ત્રગ્રંથોની સર્વોપરિતાને સ્થાપિત કરી દીધી છે.

બાળદીક્ષાના સંદર્ભમાં એક પ્રશ્ન બધેથી ઊઠતો હોય છે – બાળકને શું સમજણ પડે ? આ તર્કનો રદિયો આપવા તેમણે IPC (ભારતીય દંડ સંહિતા) ની ૮૨મી કલમનો સંદર્ભ ટાંક્યો છે. IPC ની ૮૨મી કલમ આ રીતે બાળદીક્ષાનું જોરદાર સમર્થન કરે છે તેવું અર્થઘટન કોઈ સિનિયર, નિષ્ણાંત અને અનુભવી એડવોકેટને પણ મુગ્ધ કરી દે તેવું છે.

બાળદીક્ષાની સામે આવો જ બીજો એક દાંતરડા જેવો પ્રશ્ન થતો હોય છે કે – દીક્ષા મોટી ઉંમરમાં ક્યાં નથી લેવાતી ? બાલ્ય વયમાં લેવાનો આગ્રહ શા માટે ?

પહેલી વાત તો એ છે કે – કોઈ પણ ક્ષેત્રમાં કારકીર્દિ જેટલી વહેલી પ્રારંભ પામે તેટલા સફળતાના વધારે શિખરો સર કરી શકાય.

અને, બીજી જરાક કડવી પણ વાસ્તવિક હકીકત છે કે, જિંદગીની પહોળાઈ પહેલેથી કોઈએ માપેલી નથી હોતી.

મહાન પરાક્રમી ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ૨૨ વર્ષ અને ૯ માસની ઉંમરે મૃત્યુ પામી હતી...

ભગત સિંહને ૨૩ વર્ષની ઉંમરે ફાંસીની સજા થઈ હતી...

સ્વામી વિવેકાનંદ માત્ર ૩૯ વર્ષ જીવ્યા હતા...

ઈશુખ્રિસ્ત ૩૫ વર્ષ જીવ્યા હતા...

તા.૧૨/૪/૧૯૬૧ ના દિવસે ૧૦૮ મિનિટ સુધી અવકાશયાનમાં પૃથ્વીની પરિક્રમા કરી ત્યારે યુરી ગેગારીનની ઉંમર ૨૧ વર્ષની હતી અને ૩૪ વર્ષની ઉંમરે તેનું મૃત્યુ થયું હતું...

વિવિધ ક્ષેત્રોમાં જ્વલંત સફળતા હાંસલ કરીને વિશ્વપ્રસિદ્ધ બનનાર આ વ્યક્તિઓએ તે તે ક્ષેત્રની પોતાની કારકિર્દિનો પ્રારંભ શું મોટા થયા પછી કર્યો હશે? અને, મોટા થયા પછી કર્યો હોત તો આવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકત ?

લેખકશ્રીએ બાળદીક્ષાનો મિથ્યા-વિરોધ કરનારને બાળકોના હિત માટે ખરેખર વિરોધ કરવા જેવા બાલશિક્ષણ, બાલમજૂરી, બાળકો દ્વારા થતા ગુન્હા, બાલશોષણ વગેરે ક્ષેત્રોનું દિશાસૂચન કરીને ગર્ભિત રીતે શંકાની સોય તાકી છે કે, બાળદીક્ષાના વિરોધીઓને વાસ્તવમાં બાળકોના હિત અને કલ્યાણ સાથે કોઈ મતલબ છે ખરો ?

બંધારણ, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ જેવા કાયદા, ચાઈલ્ડ પોલિસી, નેશનલ ચાર્ટર કે CRC જેવા વિરોધીઓના શસ્ત્રોને લેખકશ્રીએ સચોટ રીતે બુઠ્ઠાં પુરવાર કર્યા છે. અનેક સચોટ યુક્તિઓથી બાળદીક્ષાનું સમર્થન કર્યું છે. બાળકોને સમજણ વગરના સમજનાર બાળદીક્ષાના વિરોધીઓનો વિરોધ કેટલો સમજણ વગરનો છે તેનું ખૂબ સરસ રીતે પ્રતિપાદન કર્યું છે, સાથે સાથે બાળદીક્ષા સંપૂર્ણ શાસ્ત્રીય છે તે પણ અનેક શાસ્ત્રોના ઉલ્લેખ ટાંકીને સિદ્ધ કર્યું છે.

દીક્ષાની યોગ્યતાના ૧૬ ગુણોની યાદીમાં ક્યાંય ૧૮ વર્ષની ઉંમરની વાત નથી, આ કેટલી મોટી વાત છે !

શાસ્ત્ર-સંદર્ભો ઉપરાંત ભૂતકાળના અને વર્તમાનના બાળદીક્ષિતોની પ્રભાવક પ્રતિભાનો સંક્ષિપ્ત નિર્દેશ આપીને બાળદીક્ષા ખૂબ સફળ અને સહુને માટે લાભકારી નીવડે છે તે લેખકશ્રીએ સિદ્ધ કરી આપ્યું છે.

બાળદીક્ષાના વિરોધીઓ બાળમુનિઓને ત્રણ કારણથી દયાપાત્ર ગણે છે.

(૧) શિક્ષા (તેમના શિક્ષણનું શું ?)

(૨) ભિક્ષા (દીક્ષામાં ભીખ માંગવી પડે.)

(૩) તિતિક્ષા (કષ્ટ સહન કરવા પડે.)

આ ત્રણેય બાબતોમાં છુપાયેલા ભ્રમ, ગેરસમજ અને પૂર્વગ્રહનો પર્દાફાશ કરીને પંન્યાસજીએ વિરોધીઓની બોલતી બંધ કરી છે.

ક્યાંક કોક જવલ્લે જોવા મળતા નિષ્ફળ દીક્ષાના દૃષ્ટાંત ટાંકીને બાળદીક્ષાનો વિરોધ કરનારની દોષદૃષ્ટિ અને પૂર્વગ્રહ-દૃષ્ટિ દયાપાત્ર છે. પંન્યાસજીએ વ્યાવહારિક ધારદાર તર્કો આપીને તે દલીલના ટાયરમાંથી હવા જ કાઢી નાંખી છે.

બાળદીક્ષાની શાસ્ત્રીય અને આદર્શ પરંપરા ઉપર છેલ્લા એકાદ સૈકામાં ઘણીવાર સંકટ આવ્યા છે અને દરેક વખતે તે તે કાળના શાસનરક્ષક પૂ. આચાર્ય ભગવંતોએ અને શ્રેષ્ઠીવર્યોએ તેનો પ્રબળ પ્રતિકાર કરીને આ પરંપરાની સુરક્ષા કરી છે અને ગૌરવ જાળવ્યું છે. તે શાસન-સંરક્ષક મહાપુરુષોને ભાવભીની વંદના...

વર્તમાનકાળમાં કેટલાક સુવ્યવસ્થિત ગેરપ્રચારોને કારણે આપણી અનેક કલ્યાણકારી

ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ પ્રત્યે કેટલાક બુદ્ધિજીવી વર્ગને સૂગ થતી હોય છે. બાળદીક્ષા પણ કેટલાક લોકોને અરુચિનું કારણ બને છે.

મને વિશ્વાસ છે કે, આવા અનેક (સાધ્યકક્ષાના) દરદીઓની બુદ્ધિનું સિફતપૂર્વક ઓપરેશન આ પુસ્તક નામના ઓજાર દ્વારા થઈ જશે.

હું તો ખૂબ આશાવાદી છું. આ પુસ્તકના પાવર ઉપર એવી આશા જાગે છે કે – આ પુસ્તક વાંચીને કદાચ કેટલાય બાળદીક્ષા – વિરોધીઓ બાળદીક્ષાના સખત તરફદાર અને ટેકેદાર બની જાય તેવો ચમત્કાર સર્જવાનું સામર્થ્ય આ પુસ્તકમાં રહેલું મને દેખાય છે.

મજાની વાત એ છે કે, લેખકશ્રી સ્વયં બાલદીક્ષિત છે. ખૂબ વિદ્વાન છે. પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજય મ. સા. રચિત જૈન તર્કભાષા ગ્રંથ ઉપર સંસ્કૃત વૃત્તિ રચી છે. પ્રભાવક પ્રવચનકાર છે. હજારો યુવાનો તેમની શિબિરો સાંભળવા ચાતકની જેમ આતુર હોય છે. હજારો યુવાનો તેમના જીવનમાં ઘણું પરિવર્તન પામ્યા છે. તેઓ એક અચ્છા લેખક પણ છે, તેમના પુસ્તકો અત્યંત લોકપ્રિય બન્યા છે. લેખકશ્રી પોતે જ બાળદીક્ષાની તરફેણનું એક જીવતું-જાગતું દૃષ્ટાંત છે, અને તેથી પણ પુસ્તક વાંચ્યા પછી **બાળદીક્ષા અમર તપો** નો જયનાદ સહજ રીતે અંતરમાંથી ઊગ્યા વગર કેવી રીતે રહી શકે ?

પંન્યાસજીને શતશઃ ધન્યવાદ...

**મુક્તિવલ્લભસૂરિ**
ચૈત્ર વદ ૧૪, તા. ૨૮/૪/૧૪, સોમવાર,
ગોરેગામ-જવાહરનગર

# હૃદયોદ્‌ગાર

આજનું પ્રગતિશીલ વિશ્વ દરેક ફિલ્ડમાં 'Catch them Young' ના સૂત્ર સાથે નાના અને નવાને અવસર આપવાની હિમાયત કરે છે. દોઢ વરસનું ટેણિયું એકેડેમિક કરિઅર આરંભી દે છે, ત્રણ વરસના ટપ્પુ ગ્લેમરવર્લ્ડમાં પગ મૂકી દે છે. સાત વર્ષની ઢીંગલી આખો દિવસ મોબાઈલ એડિક્ટેડ હોય છે. ત્યાં કોઈને બાળહિત સાંભરતું નથી અને શહેરના કોઈ ખૂણે ક્યારેક કોઈ બાળક સ્વેચ્છાથી સંયમગ્રહણ કરતું હોય ત્યારે જાણે એક બહુ મોટો ક્રાઈમ ઘટી રહ્યો હોય તેવો માહોલ ઊભો કરવા પ્રયત્ન કરે છે.

સામાન્યજનના હૃદયના ખૂણામાં ઊઠતા પ્રશ્નોના અહીં સમાધાન આપવાનો પ્રયાસ કર્યો છે. અલગ વિચાર ધરાવનારાઓ પ્રત્યે પણ કોઈ જ કટુતા રાખ્યા વગર તેઓ ક્યાં ભીંત ભૂલ્યા છે તે જણાવવાનો પ્રયાસ કર્યો છે.

આ પ્રયાસ દરમ્યાન હંમેશના સાથ સમા પૂ.આ.શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ.સા.એ વિશદ પ્રસ્તાવના થકી આ લખાણને સમૃદ્ધિ અર્પી છે. અને મારા જમણા હાથ સમાન લઘુબંધુ પં.શ્રી **હૃદયવલ્લભવિજયજી** (૧૨ વર્ષની વયે દીક્ષિત) એ સતત પૂરક ભૂમિકા ભજવી છે.

નાનપણાથી અમને ઉત્તમ સંસ્કાર આપનાર સહદીક્ષિત પિતાજી–માતાજીને તેમજ દીક્ષા પ્રદાન કરનાર સ્વ.પૂ.આ. દેવ શ્રી વિજય **ભુવનભાનુ સૂરીશ્વરજી** મ., પૂ.ગુરુદેવ આ. દેવ શ્રી વિજય **જગવલ્લભસૂરીશ્વરજી** મ. અને સહવર્તી મુનિઓનો ઋણી છુ!

લગભગ ૩૬ શ્રમણોના વૃન્દ સાથે રહેવાનું બને છે. તેમાં પણ બે-ત્રણ પૂર્વ બાળદીક્ષિતો છે. જેમના આનંદ, ગુણવત્તા અને અંદાજિત ઉજ્જ્વળ ભવિષ્યના અણસારથી આ લખવા વધુ પ્રેરાયો.

દીક્ષાજીવનના ત્રણ દાયકામાં જે અનુભવ્યું છે તેનાથી જ બુદ્ધિજીવી મનના પ્રશ્નો અસ્થાને લાગતા હતા. બીજાઓને પણ આ સત્ય સમજાવવાના પ્રયાસમાં પ્રભુવચન નિરપેક્ષ કંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્

પં. ઉદયવલ્લભવિજય
ચૈત્ર સુદ ૧૩, ૨૦૭૦
ભાયખલા

# સમર્પણમ્

વિ. સં. ૨૦૦૫ ના વૈશાખ વદ ૬ ના દિવસે શેઠ મોતિશા નિર્મિત ભાયખલા જિનાલય સંકુલના એ વિશાળ મંડપમાં માત્ર ૧૩ વર્ષની વયે બાળ જવાહર દીક્ષા ગ્રહણ કરે છે અને અતિવિશિષ્ટ જ્ઞાનાભ્યાસ વગેરે કરતા પ્રભુશાસનના જવાહરોમાં શિરમોર અને લગભગ ૫૦૦થી અધિક શ્રમણોના નાયક ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા બને છે.

આ માત્ર એક ઘટના નથી.
આ તો છે અગાઉથી લખાઈ ગયેલું એક ઉત્તરપત્ર !

બાળદીક્ષા અંગેના તમામ સવાલોના પૂર્ણ સંતોષકારક સચોટ જવાબો જ્યાં મળે છે તેવું એક સરનામું એટલે પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા. તેઓશ્રીના ગુણોના સ્મરણ સાથે મારી ઉપર થતાં અનંત ઉપકારોના સ્મરણ સાથે તેઓશ્રીનું જ કૃપાજન્યં તેમને સમર્પિત !

પં. ઉદયવલ્લભવિજય
ચૈત્ર સુદ ૧૩, ૨૦૭૦
ભાયખલા

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧) | લિટલ વન્ડર્સ ! | ૧ |
| ૨) | બાળકમાં ઈશ્વરનું રૂપ | ૭ |
| ૩) | બાળક એટલે ? | ૧૧ |
| ૪) | આધ્યાત્મિક ઉત્કર્ષ ! જન્મસિદ્ધ અધિકાર | ૧૪ |
| ૫) | દીક્ષા : ધર્મસિદ્ધ અધિકાર | ૧૮ |
| ૬) | બાળસંન્યાસનો વ્યાપ | ૨૧ |
| ૭) | ઈતિહાસના આયનામાં બાળદીક્ષા | ૨૪ |
| ૮) | બાળદીક્ષાનો અખંડ દીવો | ૨૭ |
| ૯) | દીક્ષા V/S શિક્ષા | ૩૦ |
| ૧૦) | જો બાળહિત કરવું જ હોય તો | ૩૬ |
| ૧૧) | પ્રશ્નોના સમાધાન | ૪૦ |
| ૧૨) | જુવેનાઈલ જસ્ટિસ એક્ટ... | ૫૬ |
| ૧૩) | સાવધાન ! | ૬૪ |
| ૧૪) | જૈન સાધુનું આદર્શ જીવન | ૬૭ |
| ૧૫) | બાળદીક્ષા અંગે કોર્ટના ચુકાદા (તારણ) | ૭૦ |

# લિટલ વન્ડર્સ!

❑ ઓડિશા રાજ્યના પાટનગર ભુવનેશ્વરમાં રહેતી સાત વર્ષની મેઘાલી બીજા ધોરણમાં અભ્યાસ કરે છે. તેના પિતા સરકારી અધિકારી છે. બાળકી અસાધારણ પ્રતિભા ધરાવે છે. નોઈડામાં મિડિયાહાઉસમાં મિડિયાવાળાએ તેને ભૂગોળને લગતા અનેક સવાલો પૂછ્યા જેના તે બાળકીએ સડસડાટ જવાબો આપ્યા હતા.

વિશ્વના નકશામાં રહેલા કોઈ પણ દેશના નામ, ચલણ, રાજધાની, પ્રાદેશિક ભાષા, નદીઓ, રાષ્ટ્રધ્વજ, વસતિ સહિતની અનેક વિગતો તે એ રીતે કહેતી હતી કે જાણે વિશ્વનું વૈવિધ્ય તેના મગજમાં ફિટ થયેલ હોય. **Virtual Encyclopedia of World Physical Geography** તરીકે મેઘાલી જાણીતી છે. તે ચાર વર્ષની હતી ત્યારથી એટલા બધા સવાલો પૂછતી કે ઘણીવાર ઘરનાએ ગૂગલમાં જોઈને જવાબ આપવા પડે. વળી તે જવાબો એવા આપતી કે ગૂગલમાં ચકાસવા પડે!

❑ વિશ્વનું સૌથી મોટું રણ ક્યાં છે?

વિશ્વમાં સૌથી વધુ હીરાની પેદાશ ક્યાં થાય છે?

વિશ્વમાં સૌથી વધુ કાચુ તેલ ક્યાંથી નીકળે છે?

વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા કઈ છે?

આવા તો અનેક પ્રશ્નોના જવાબો બાળ કૌટિલ્ય પંડિત એ ઉંમરે આપે છે જ્યારે તેની જેટલી ઉંમરના બીજા બાળકો એબીસીડી અને નર્સરીના બાળગીતો શીખતા હોય!

❑ હરિયાણા રાજ્યના કર્નાલ જિલ્લાના માત્ર પંદર હજારની વસતિ ધરાવતા કોહાન્ડ ગામમાં સાડા પાંચ વર્ષનો આ ટાબરિયો 'વન્ડર કિડ' અને 'ગૂગલ બોય' તરીકે જાણીતો બની ગયો છે. જાણીતી ટીવી ચેનલોવાળા તેના ઈન્ટરવ્યૂ થી સ્તબ્ધ થઈ ગયા હતા.

❑ સંગીતના ક્ષેત્રમાં વિશ્વ પ્રસિદ્ધ નામના ધરાવતો ઓસ્ટ્રિયાનો વુલ્ફગાંગ મોઝાર્ટ માત્ર છ વર્ષની વચે મ્યુઝિક કમ્પોઝર બની ગયેલો. આઠ વર્ષની ઉંમરે તેણે પહેલી સિમ્ફની તૈયાર કરી હતી. માત્ર ૩૫ વર્ષની ઉંમરે મૃત્યુ પામતી વખતે ૬૦૦થી વધુ મ્યુઝિક કમ્પોઝિશન્સ પાછળ મૂકતો ગયો.

❑ ચિત્રકામના ક્ષેત્રે વિશ્વ પ્રસિદ્ધ પાબ્લો પિકાસો બાળવયથી કાર્યરત બન્યો હતો.

❑ રમતગમતના ક્ષેત્રે વિશ્વ ઈતિહાસમાં સૌથી નાની વયે વર્લ્ડ ચેસ ચેમ્પિયન બનનારો રોબર્ટ જેમ્સ ફિશર તે વખતે માત્ર ૧૪ વર્ષનો હતો.

❑ બેંગલોરમાં જન્મેલ શકુંતલા દેવીની બાલ્યવયથી જ ગણિત વિષયક પ્રતિભાએ તેને કમ્પ્યૂટરના સ્પર્ધક તરીકે પ્રખ્યાતિ અપાવી હતી. અટપટા ગણિત કોયડાને ગણતરીની સેકન્ડ્સમાં ઉકેલીને તેણે વર્લ્ડની રેકોર્ડ બુક્સમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

❑ સાઉથ કોરિયાનો કિમ ઉંગ યંગ માત્ર ત્રણ (હા, ત્રણ) વર્ષની વચે યુનિવર્સિટીમાં ગેસ્ટ સ્ટુડન્ટ તરીકે ફિઝિક્સ ભણતો હતો. આઠમાં વર્ષે તેને NASA માં ભણવાનું આમંત્રણ મળ્યું. માત્ર ૪ મહિનાની ઉંમરથી

બોલતા શીખી ગયેલો આ બાળક બે વર્ષની ઉંમરે ચાર ભાષા વાંચતો હતો.

❑ આયર્લેન્ડના વિલિયમ હેમિલ્ટન શેવાન એટકિન્સન, માત્ર ૧૩ વર્ષની વયે અરેબિક, ઇટાલિયન વગેરે ૧૩ ભાષાઓ બોલી શકતો હતો.

❑ નાના બાળકો ટીચર-ટીચર કે ડોક્ટર-ડોક્ટરની રમતો રમતા હોય છે જ્યારે અક્રિત જયસ્વાલ માત્ર સાત વર્ષની વયે સર્જન બની ગયો હતો. તેણે સાત વર્ષની વયે સફળ સર્જરી કરી. તે સૌથી નાની વયનો સર્જન કહેવાય છે. વિશ્વના ટોચના બુદ્ધિશાળી જનોમાં તેને સાતમાં નંબરે ગણાવામાં આવ્યો હતો.

❑ આંદ્રા ગોગાન (રોમાનિયા) એ સળંગ ૨૦૦ મિનિટમાં ૫૫ ગીત ગાઈને માત્ર ૧૧ વર્ષની વયે બાળવયે લાંબામાં લાંબો લાઈવ કોન્સર્ટ અંગેનો વિશ્વવિક્રમ નોંધાવ્યો હતો. આ કોન્સર્ટ લીલીપુટ મેગઝિન દ્વારા યોજવામાં આવ્યો હતો.

❑ યુ. કે. નો જેક હિલ માત્ર ૮ વર્ષની વયે સ્ટાર રેડિઓ ૧૦૭.૭ પર સ્વતંત્ર શો આપી ચૂક્યો છે. આ શો ખૂબ હિટ ગયો હતો. રેડિઓ પર નાનામાં નાના Male Radio Presenter તરીકેનો વિશ્વવિક્રમ કર્યો હતો.

❑ વિશાળ મેદની સમક્ષ સ્ટેજ પર શો કરવા માટે કઈ ઉંમર જોઈએ ? માત્ર 3 વર્ષની Cleopatra Stratan એ બે કલાકમાં ૨૮ ગીતોનો લાંબો કોન્સર્ટ બુકારેસ્ટ (રોમાનિયા)માં કરી બતાવ્યો હતો. તેના પિતાજી ગીટાર

વગાડતા હતા. માત્ર ૩ વર્ષની વયે લાઈવ સ્ટેજ પર્ફોમન્સ આપનાર તે પ્રથમ વ્યક્તિ છે.

❑ કેલિફોર્નિયાના જોનાથન સ્ટ્રિકલેન્ડે એક જ દિવસમાં એકલાએ છ પ્લેન અને ૧ હેલિકોપ્ટર ઉડાવી બતાવ્યા ત્યારે તેણે પંદર વર્ષ જ પૂરા કર્યા હતા.

❑ લવીનાશ્રી નામની એક દુર્લભ બૌદ્ધિક શક્તિ ધરાવતી બાળકીનો Resume માત્ર ૧૦ વર્ષની વયે પણ પાનાઓ ભરાય તેવો છે.

પ્રિ-મેટ્રિક એક્ઝામિનેશન દ્વારા માત્ર ૧૦ વર્ષની વયે તે વિશ્વની સૌથી નાની Red Hat Certified Engineer બની હતી. (૨૦૦માંથી ૧૭૮.૧ ગુણાંક સાથે) માત્ર સવા આઠ વર્ષની ઉંમરે તે વિશ્વની સૌથી નાની વયની માઈક્રોસોફ્ટ સર્ટિફાઈડ પ્રોફેશનલ તરીકે વિક્રમ સ્થાપી ચૂકી છે.

માઈક્રોસોફ્ટ વિન્ડો સર્વર અંગેની એક પરીક્ષા, જે માત્ર ટેક્નિકલ ગ્રેજ્યુએટ્સ જ આપતા હોય છે, તે તેણે માત્ર ૧૦ વર્ષની વયે આપી અને ૧૦૦૦ માંથી ૮૫૮ ગુણાંક લાવી બતાવ્યા.

ઈન્ડિયા બુક, લિમ્કા બુક જેવી રેકોર્ડ બુક્સમાં તે સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે. ભારતના રાષ્ટ્રપતિના હસ્તે 'રાષ્ટ્રની અમાનત' જેવા ખિતાબો તે મેળવી ચૂકી છે.

❑ બાળ કલ્યાણ સંસ્થાના એક આયોજનમાં સળંગ ૧૩ કલાક સુધી તરવાનો વિક્રમ કરનારા રાઘવ ક્રિશનન (૧૧), ભરત ચવ્હાણ (૧૨) અને રોહિત સાવંત (૧૩) પણ બાળવયના છે.

વર્લ્ડ રેકોર્ડ બુક્સમાં ધારણા શક્તિ અંગેનો એક વિક્રમ નોંધાયેલો છે. તમિલ કવિ થિરુવલ્લુવરના ૧૩૩૦ જેટલા Couplets રોજના ૧૦૦ની સરેરાશે એક બાળકીએ કંઠસ્થ કરી લીધા. ત્યારે તે માત્ર ૩ વર્ષની હતી.

તાજેતરમાં જ (એપ્રિલ ૨૦૧૪ માં જ) એક ઘટના બની. માઈક્રોસોફ્ટના ટોચના બુદ્ધિશાળીઓની ફજેતી થઈ હતી.

ક્રિસ્ટોફર વોન હેસલ નામના બાળકે એક્સબોક્સ ગેમિંગ સિસ્ટમમાં પ્રવેશી જઈને સિક્યોરિટી વ્યવસ્થામાં છીંડું બતાવીને બુદ્ધિના ખેરખાઓને તે ભૂલ સુધારીને Security Flaw દૂર કરવાની ફરજ પાડી હતી. માઇક્રોસોફ્ટ કંપનીની પોતની સાઈટ ઉપર Security Researcher તરીકે ક્રિસ્ટોફર વોન હેસલનું નામ અંકિત થઈ ગયું છે. જેની ઉંમર હાલ માત્ર ૫ વર્ષની છે !

તાજેતરમાં જ (એપ્રિલ ૨૦૧૪માં) મુંબઈની માત્ર ૯ વર્ષ પૂર્ણ કરી ચૂકેલી તનાશાએ એક અતિ જોખમી વિશ્વવિક્રમ કર્યો હતો. આંદામાન નિકોબાર ટાપુ પાસે દરિયામાં ઊંડાણમાં જઈને વિશ્વની સૌથી નાની વયની સ્કૂબા ડાઈવર તરીકેનો વિક્રમ તેણે સ્થાપ્યો હતો. વ્હેલ અને શાર્કથી ભરેલા ઊંડા દરિયામાં સહેજ ગણતરી ઊંધી પડે તો ગણતરીની સેકન્ડસ્‌મા જાન જઈ શકે. સ્કૂબા ડાઈવિંગ જેવા જાનલેવા ખેલને પ્રોત્સાહન આપી શકાતું હોય તો સ્વકલ્યાણની સાધના અને સર્વકલ્યાણની ભાવના સાથે કોઈ બાળકને દીક્ષા ગ્રહણ કરવી હોય તો

રુચિકર તેના ફિલ્ડમાં પ્રોત્સાહિત કેમ ન કરાય ?

ભારત સરકારે બાળકોનાં હિતાર્થે સ્વીકારેલ National Charter for Children (Sec. 7/G) એમ કહે છે :, **"The State shall formulate special programmes to spot, identity, encourage and assist the gifted children for their development <u>in the field of their excellence</u>."**

બહુ સ્પષ્ટ સંદેશો છે : બાળકને ખાસ ક્યા ક્ષેત્રમાં વિશેષ રૂચિ અને આવડત છે તે પરખવાની અને તે ક્ષેત્રમાં પ્રોત્સાહિત કરવો જોઈએ.

# બાળકમાં ઈશ્વરનું રૂપ

- ❑ ઘાટકોપરનો ધૈર્ય નેમિષભાઈ શાહ માત્ર ૮ વર્ષની ઉંમરે સેંકડો શ્લોકો કંઠસ્થ કરી ચૂક્યો છે. સાથે ઉપધાન તપ, અઠ્ઠાઇતપ, શત્રુંજયની ૯૯ યાત્રા, ચોવિહાર છઠ્ઠ સાથે ૭ યાત્રા, વર્ધમાન તપની ઓળીઓ, અનેક કાર્યક્રમોમાં વિજયી દેખાવ કરી ચૂક્યો છે.
- ❑ અમદાવાદનો ભવ્ય પ્રકાશભાઈ શાહ માત્ર ૭ વર્ષનો થયો ત્યાં સુધીમાં પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ હતા. (અનેક સ્તુતિ, સ્તવનો, સજ્ઝાયો, પ્રતિક્રમણની વિધિ વગેરે સાથે) ઉપધાન તપની માળ, પાંત્રીસુ, શત્રુંજયની ૯૯ યાત્રા, ચોવિહાર છઠ્ઠ સાથે ૭ યાત્રા, વર્ધમાન તપનો પાયો (ઓળી) આ બધું કરી ચૂક્યો છે.
- ❑ મુંબઈના એક ભાઈ-બહેનની જોડી માત્ર ૭ વર્ષના થયા ત્યારે પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ૪ પ્રકરણ, વીતરાગસ્તોત્ર, તત્ત્વાર્થસૂત્ર, શાંતસુધારસ, સિદ્ધચક્રપૂજન વિધિ વિગેરે હજારો શ્લોકો કંઠસ્થ કરી ચૂક્યા હતા. આગળ જતાં સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ, ન્યાયદર્શન જેવા ફિલોસોફિકલ ટ્રેક પર ખેડાણ કર્યું અને એકાદ લાખથી ય વધુ સંસ્કૃત-પ્રાકૃત શ્લોકોનું વાંચન કર્યું ત્યારે પણ તે હજી બાળ હતા.

જૈન પરિવારોમાં આ ઘટનાઓ સામાન્ય છે. જરા પણ અતિશયોક્તિ વગર કહું છું કે માત્ર મુંબઈ, અમદાવાદ કે સુરત જેવા એકાદ શહેરમાં આશ્ચર્ય પમાડે

તેવી જ્ઞાનપ્રતિભા ધરાવનારા Little Wonders ની સંખ્યા ત્રણ આંકડાથી ઓછી નહીં હોય!

બાળ દીક્ષિત સાધુ કે સાધ્વીજીની સર્વાંગીણ પ્રતિભા, પુરુષાર્થ અને હૃદયની પરિણતિ (Inner Personality) આથી ય વધુ સ્તબ્ધ કરી દે તેવી હોય છે. માત્ર સ્વકલ્યાણના આશયથી થતી તેમની સાધના ક્યારેય કોઈ રેકોર્ડ Claim કરતી નથી, નોંધાતી નથી. છતાં ચાલો, થોડા ભીના થઈએ.

❑ સંસ્કૃત-પ્રાકૃત-પાલી-અર્ધમાગધી-શૌરસેની-ગુજરાતી-હિંદી-મરાઠી-કચ્છી-રાજસ્થાની-પંજાબી-બાંગાળી-અંગ્રેજી-ફ્રેન્ચ-જર્મન-ઇટાલિયન-તિબેટિયન-નેપાળી... આ ૧૮-૧૮ ભાષાઓના જાણકાર વિશિષ્ટ જ્ઞાની પૂ. જંબુવિજયજી મ.સા. ૯ (હા, માત્ર ૯) વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા.

❑ એક સ્થળે વાંચવા મળ્યું: પ્રત અને પુસ્તકોમાં રહેલા આગમોને પ્રાણ ધારણ કરવાનું મન થયું અને જન્મ થયો એક બાળ જવાહરનો! આગળ જતા જેઓ મુનિ જયઘોષવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા! વર્તમાનમાં સર્વાધિક અંદાજે પાંચસો સાધુ ભગવંતોના ગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. માત્ર ૧૨ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલા. આજે તેઓ જૈન આગમશાસ્ત્રોના રેડી રેકનર તરીકે પ્રખ્યાત છે.

❑ જૈન સંઘમાં જે મહાપુરુષોના સમુદાય (શિષ્યપરંપરા) આજે ચાલી રહ્યા છે તેવા મોટા ભાગના મહાપુરુષો બાળદીક્ષિત હતા. જેમ કે પૂ. મોહનલાલજી મ., પૂ. નેમિસૂરિજી મ., પૂ. પ્રેમસૂરિજી મ., પૂ. ધર્મસૂરિજી

મ., પૂ. રામસૂરિ મ. (ડહેલાવાળા), પૂ. ૐકારસૂરિજી મ., પૂ. વિક્રમસૂરિજી મ. વગેરે...

❑ વર્તમાન જૈન સંઘમાં મુખ્ય લગભગ તમામ સમુદાયના અગ્રણી આચાર્ય ભગવંતો પણ બાળદીક્ષિત છે.

❑ પોતાના ભૂગોળ વિષયક જ્ઞાનથી નાસાના વૈજ્ઞાનિકોને પ્રભાવિત કરી દેનારા પૂ. અભયસાગરજી મ.સા. બાળદીક્ષિત હતા.

❑ જૈન શાસ્ત્રોના આનંદઘનીય ભક્તિમાર્ગની સાથે ઝેન ફિલસૂફીથી લઈને કબીર–મીરાબાઈ–સૂરદાસના ભક્તિમાર્ગના ઊંડાણને સ્પર્શનાર મર્મજ્ઞ ઉપદેશક અને લેખક પૂ. યશોવિજયસૂરિજી મ. ને સાંભળવા પરદેશી જિજ્ઞાસુઓ પણ આવે છે. તે પૂજ્યશ્રી બાળદીક્ષિત છે.

❑ તાજેતરમાં સળંગ ૧૮૦ ઉપવાસની દીર્ઘ તપસ્યા દ્વારા લાખોના હૈયે આશ્ચર્ય અને અહોભાવ સર્જનાર તપસ્વી પૂ. શ્રી હંસરત્નવિજયજી મ. પણ બાળદીક્ષિત છે.

❑ દ્વિશતાવધાનના હેરત પમાડે તેવા પ્રયોગ દ્વારા આત્માની ધારણા શક્તિ (Memory Power) નો પરચો આપનાર મુનિપ્રવર શ્રી અજિતચંદ્રસાગરજી પણ બાળદીક્ષિત છે.

આ તો કેટલાક ઉદાહરણ છે. આથી અનેકગણા નોંધાયા વગરના કિસ્સાઓ હશે. લગભગ દરેક ક્ષેત્રે અસાધારણ પ્રગતિ બતાવતી બાળપ્રતિભાને વિશ્વના વિદ્વાનો 'Giftedness' શબ્દથી નવાજે છે. આ 'Giftedness' ધર્મક્ષેત્રે પણ હોઈ શકે.

ગણિતનો સરવાળો કરવામાં 'Carry Forward'

Element સાથે આ Giftedness ને સરખાવી શકાય.

જીંદગીના વીસ-પચ્ચીસ વર્ષ વીતાવ્યા પછી પણ જોવા ન મળતી અસાધારણ સંગીતકળા, નૃત્યકળા, ચિત્રકળા, ગણિતજ્ઞતા, વાક્‌પટુતા કે ધારણાશક્તિ જો માત્ર ત્રણ-પાંચ કે સાત વર્ષની બાળવયે કોઈનામાં જોવા મળતી હોય અને તે બાળક 'Gifted' (અનુગૃહિત) કહી શકાય તો આઠ-દશ કે બાર વર્ષની બાળવયે વૈરાગ્ય, ત્યાગ, તપના, ક્ષેત્રે પણ પ્રગતિ કરનારા કોઈ હોઈ શકે. તેને આપણે પૂર્વના 'સંસ્કારોનું જાગરણ' કહી શકાય, વર્તમાનના સંસ્કારોનું ફળ કહી શકાય. અથવા 'બન્નેનો સરવાળો' કહી શકાય. સાદી ભાષામાં તેને 'ગયાજીવનું આરાધેલ' કહી શકાય. આ બધાને 'Giftedness' ના પર્યાયવાચક માની શકાય. પૂર્વ ભવના ઉત્તમ સંસ્કારો લઈને નવા શરીરમાં આવેલો જીવ નાની ઉંમરમાં પણ તેનો ઝળહળાટ ધરાવતો હોય છે. નવા મોબાઈલમાં જુનું સિમકાર્ડ નાંખનારને Storage વગર મહેનતે મળે છે ને !

આવો સંસ્કારવારસો લઈને આવેલા હોય તેને નાની વયમાં પણ વૈરાગ્યના ભાવો સંભવિત છે. માટે, વૈરાગ્યને વય સાથે નહીં પણ સંસ્કારો સાથે વધુ સંબંધ છે.

લગ્ન, મન થાય ત્યારે ન થાય, ઉંમર થાય પછી જ થાય છે. જ્યારે દીક્ષા મન થાય પછી લેવાય છે, ઉંમર થતા લેવાતી નથી. એટલે તો દીક્ષા લેનારો 'લાયક' હોવો જરૂરી છે. લગ્ન કરનારો 'ઉંમરલાયક' હોવો જરૂરી છે.

મન થવા છતા જો ઉંમર ન થઈ હોય તો લગ્ન થતા નથી. અને ઉંમર થવા છતા જો મન ન થાય તો દીક્ષા લેવાતી નથી.

# બાળક એટલે ?

૨૦મી સદીમાં એક વિચારક્રાંતિ આવી અને પહેલી જ વાર બાળહિતને બદલે બાળ અધિકારની વાતો થવા લાગી. The focus shifted from welfare to rights. યુનો (UNO) દ્વારા ૧૯૮૯માં બાળ અધિકાર અંગે એક વૈશ્વિક સંમેલન યોજાયું. માનવ અધિકારોના સંદર્ભમાં આ એક landmark ઘટના હતી. ભારત સરકારે તેને ડિસેમ્બર ૧૯૯૨માં બહાલી આપી.

CRC (Convention on the Rights of the child) ના Article 1 પ્રમાણે :

"A Child means every human being below the age of 18 years unless; under the law applicable to the child, majority is attained earlier." આ Article 1 દરેક રાષ્ટ્રને પોત-પોતાની રીતે બાળપણ ૧૨,૧૪,૧૫ કે કેટલા વર્ષ સુધી ગણવું તે બાબત પોતાના કાયદામાં નક્કી કરવાની પરવાનગી આપે છે.

ભારતદેશના કાયદામાં 'બાળક' ની વ્યાખ્યા અંગે વૈવિધ્ય જોવા મળે છે.

- બાળકને ફરજિયાત શિક્ષણ આપવા માટેના કાયદામાં બાળકની ઉંમર ૫ થી ૧૪ વર્ષની ગણાય છે.
- હાનિકારક ઉદ્યોગોમાં અને ખાણમાં મજૂરી ન કરવા બાબતના કાયદામાં બાળકની ઉંમર ૧૮ વર્ષની કહેવાય છે.
- બિનહાનિકારક મજૂરીમાં ૧૪ વર્ષથી નીચેના બાળકો કામ ન કરી શકે.

- ❑ અપહરણની સામે રક્ષણ આપતા કાયદામાં બાળકની ઉંમર ૧૬ અને બાળકીની ઉંમર ૧૮ વર્ષ મુકર્રર થઈ છે.
- ❑ રક્ષણને યોગ્ય અને ક્રિમિનલ બાળકો ૧૮ વર્ષ સુધી Juvenile ગણાય છે.

આમ, બાળકની બધે જ લાગુ પાડી શકાય તેવી એક ચોક્કસ વ્યાખ્યા થઈ શકતી નથી. મજૂરી એ શારીરિક બળ અને શ્રમ સાથે સંલગ્ન બાબત છે. બાળકનું શારીરિક બંધારણ ૧૪ થી ૧૮ વર્ષ સુધી ઘડાતું હોય છે માટે તે સંદર્ભમાં ઉંમરના માપદંડ હોઈ શકે. દીક્ષાના નિર્ણય અંગે સમજણ મહત્ત્વની છે. સમજશક્તિ અંગે ઉંમરનું ધોરણ શું હોઈ શકે ?

ઇન્ડિયન પીનલ કોડ (IPC – ભારતીય દંડ સંહિતા)નું Section 82 એવું કંઈક કહે છે કે, "જો માનસિક રીતે અસ્થિર કે ૭ વર્ષની નીચેની ઉંમરનો કોઈ બાળક કોઈ ગુન્હો આચરે તો તે અણસમજથી આચરતો હોવાથી ગુન્હો નહીં ગણાય." આનો અર્થ એ થયો કે ૭ વર્ષની ઉંમર ઓળંગી ગયેલ બાળક જે કરે છે તે સમજણપૂર્વક થતું હોય છે તેવું કાયદો પણ સ્વીકારે છે.

IPCના Section 83 મુજબ: ૭ થી ૧૨ વર્ષની વચ્ચેની વયનો કોઈ બાળક પૂરતી સમજણ (Sufficient Maturity of understanding) ના અભાવે જો પોતે કરેલ કાર્યની કેવી અસર પડી શકે તે સમજવા સક્ષમ ન જણાય તો તેના કાર્યને પણ ગુન્હો ન ગણવો. આનો અર્થ એ થાય કે સામાન્યથી ૭ વર્ષે સમજણ કેળવાય છે. ક્યારેક ૭ થી ૧૨ વર્ષ વચ્ચેની વયમાં case to case study કરવો

પડે ! કાયદો પણ જે ઉંમરે સમજણ સ્વીકારે છે તેવી જ વાત જૈનોના આગમશાસ્ત્રોમાં જણાવી છે.

**ઓઘનિર્યુક્તિ** નામના આગમસૂત્રમાં બાળકની વ્યાખ્યા આપતા કહ્યું છે :

"अव्यक्तः" अष्टानां वर्षाणामधः बालः

"આઠ વર્ષની ઉંમર સુધી બાળક કહેવાય." નીતિશાસ્ત્રોમાં પણ "अष्टवर्षो भवेद् बालः" કહ્યું છે. નિશીથસૂત્રમાં બાળકના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે :

तिविहो य होति बालो, उक्कोसो मज्झिमो जहण्णो य ।
एतेसिं पत्तेयं, तिण्हंपि परूवणं वोच्छं ।।३५१०।।

सत्तट्ठगमुक्कोसो, छप्पणमज्झो तु जाव जहण्णो ।
एवं वयनिप्फण्णं, भावो वि वयाणुवत्ती वा ।। ३५११।।

જઘન્ય બાળ : ચાર વર્ષ સુધી.

મધ્યમ બાળ : પાંચ થી છ વર્ષ સુધી.

ઉત્કૃષ્ટ બાળ : સાત થી આઠ વર્ષ સુધી.

આમ, આ સૂત્ર અનુસાર પણ વયના આઠ વર્ષ પછી 'બાળ' નથી રહેતો.

# આધ્યાત્મિક ઉત્કર્ષ : જન્મસિદ્ધ અધિકાર

**There are two important days in our life :**

- The day on which we are born.
- The day we realise why we are born.

રસ્તા પર ચાલતી ગાડીમાં ગતિ કરતા દિશા વધુ મહત્ત્વની છે. તેમ જીવનમાં પણ 'ધ્યેય' નું ઘણું મહત્ત્વ છે.

શરીરથી આગળ વધીને જે કાંઈ જોતા નથી તેમના માટે enjoyment એ જ એક માત્ર જીવન લક્ષ્ય રહેવાનું! ભૌતિક સુખ, તે માટે પૈસો, તેના માટે ઘણું બધું કરવાનું અને મેળવેલા પૈસાથી થતો સુખભોગ. શરીર અને ઈન્દ્રિયોને પંપાળતા પદાર્થોનું એક ભૌતિક જગત ખડું થાય તે એકમાત્ર ધ્યેય હોય છે.

આત્મા નામના અતીન્દ્રિય તત્ત્વનું અસ્તિત્વ સ્વીકારીને ચાલનારા તેની અંદર રહેલ અનંત શક્તિઓ, ગુણોને પ્રગટ કરવાના અરમાન રાખતા હોય છે. તેવા જીવો માટે 'Enjoyment' નહીં પણ 'Enlightment' એ જ માત્ર જીવનલક્ષ્ય રહેવાનું!

આ લક્ષ્ય જેને પાર પાડવું હોય તે દુનિયાની ઝાકઝમાળથી દૂર રહેવાનો પ્રયાસ કરે તે સહજ છે. મનને ખેંચી જાય તેવા પ્રલોભનો અને મનને ડગાવી દે તેવી પ્રતિકૂળતા વચ્ચે ટકવું ચોક્કસ અઘરું છે પણ તેવા લોકો માટે તે અશક્ય નથી. જૈન પરિવારોમાં શરૂઆતથી

બાળકને પાયાના જીવનસંસ્કારો-આચારો આ હેતુથી જ અપાય છે. નાનપણથી રાત્રિભોજન ત્યાગ, રોજની પૂજા, પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરવો અને આગળ વધીને તપસ્યા, ઉપધાન તપ જેવી અઘરી સાધનાઓ દ્વારા સાધુ જીવનની તાલીમ લઈને ઘડતર પામનારાનો અહીં તોટો નથી.

ધાર્મિક આચારો અને તપસ્યા જેવી બાબતોમાં જૈનો વિશ્વભરમાં મોખરે છે આત્માની શક્તિને અને ગુણોને ઓળખવાની અને ઉજાગર કરવાની તે પણ એક પદ્ધતિ છે. દીક્ષા જીવન અને દીક્ષા જીવનના આચારો પણ તેવો જ એક પ્રકાર છે.

જીવનમાં આધ્યાત્મિક ઉત્કર્ષ સાધવાની ઇચ્છા ધરાવનાર દરેક વ્યક્તિ એ મુજબનો રાહ સ્વીકારી શકે છે. આ એક સંપૂર્ણ ધાર્મિક બાબત છે. અલબત્ત, દરેક બાબતના અલગ અલગ સામાજિક વગેરે પાસા ચોક્કસ હોઈ શકે છે. છતાં મુખ્યતાએ આ ધાર્મિક બાબત છે. દરેક ધર્મના પરંપરાગત રીતરિવાજો અંગેની આખરી સત્તા તે તે ધર્મના ધર્મગુરુની જ ગણાય. તેઓ ધાર્મિક સિદ્ધાંતોને નજરમાં રાખીને યોગ્ય નિર્ણય કરતા હોય છે. તેમાં અન્ય વ્યક્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ કે કોઈ કાનૂની હસ્તક્ષેપ એ તેમના મૂળભૂત ધાર્મિક અધિકારનો ભંગ છે, જે ગેરકાનૂની ગણાય!

ભારતના બંધારણના શરૂઆતના વિભાગમાં Fundamental Rightsનું Chapter દેશનાં તમામ નાગરિકોને અમુક મૂળભૂત અધિકારો આપે છે.

વાણી સ્વાતંત્ર્ય, વ્યવસાય સ્વાતંત્ર્યની માફક જ ધાર્મિક સ્વાતંત્ર્ય પણ દરેક નાગરિકને આપવામાં આવ્યું છે. બંધારણની ૨૫મી કલમ ધાર્મિક આચાર-પ્રચારનું સ્વાતંત્ર્ય આપે છે. અને ૨૬ મી કલમ ધાર્મિક (જંગમ અને સ્થાવર) મિલકતોના વહીવટનું સ્વાતંત્ર્ય આપે છે. આ અધિકારો જેમને મળ્યા છે તેમાં બાળકો પણ સમાય છે.

ભારતીય બંધારણની ૨૫મી કલમ હેઠળ દરેક નાગરિકને જે ધાર્મિક સ્વાતંત્ર્ય અપાયું છે, તે માત્ર Public order, Health & Morality ને સાપેક્ષ છે. તેના સિવાય કોઈ રીતે આ સ્વાતંત્ર્યને અટકાવી શકાતું નથી. દીક્ષા ગ્રહણ કરવી અને પાળવી એ ધાર્મિક આચાર છે. જે બંધારણની આ કલમથી રક્ષિત છે.

આમ, સ્વેચ્છાએ દીક્ષા ગ્રહણ કરતાં કોઈની પણ (બાળકની પણ) દીક્ષાનો વિરોધ કરવો તે કોઈના બંધારણીય ધાર્મિક સ્વાતંત્ર્યનો વિરોધ છે.

આંતરરાષ્ટ્રીય પરિબળોને આધીન એવા કેટલાક કાયદાઓ બને છે, જે ભારતના મૂળભૂત સાંસ્કૃતિક માળખાથી ઘણા દૂર હોય. ઈન્ટરનેશનલ ચાઈલ્ડ કન્વેન્શનમાં સહી કર્યા પછી ભારતની ધારાસભાઓ બાળકોના હક્કો અંગે એવા કાયદા બનાવે છે, જેમાં ક્યારેક વાલીઓના હક્ક પણ છીનવાતા હોય તેવું લાગે.

કોઈ બાળક સગીર વયનું હોય ત્યારે તેના વતી યોગ્ય નિર્ણય લેવાની જવાબદારી અને સત્તા બંને તેના વાલીઓની ગણાય. ચાઈલ્ડ વેલફેર કમિટી કે બીજા કોઈએ તેમાં વચ્ચે કુદી પડીને અને બિનજરૂરી

પાડોશી ધર્મ બજાવવની કોઈ જરૂર જણાતી નથી.

બાળદીક્ષા થકી બાળકોના અધિકાર છીનવાય છે એવું તે કમિટીને લાગતું હશે પણ તેમના વચ્ચે કુદી પડવાથી બાળકોના ધાર્મિક સ્વાતંત્ર્ય અને વાલીઓના નૈસર્ગિક અધિકાર પણ છીનવાય છે.

# દીક્ષા : ધર્મસિદ્ધ અધિકાર

રાષ્ટ્રના સામાજિક માળખાની ગુણવત્તાનો આધાર મુખ્ય રીતે બે વસ્તુ પર આધારિત છે :

(૧) દેશની પરંપરાગત સંસ્કૃતિ.
(૨) દેશનું વર્તમાન કાયદાકીય માળખું.

વિકસિત ગણાતા રાષ્ટ્રો હવે રહી રહીને કુટુંબપ્રથા અને કુટુંબભાવનાનો મહિમા સમજતા થયા છે. હવે તે લોકો પણ કહે છે : Family is the nucleus of civilization.

પશ્ચિમના અનેક મૂડીવાદી દેશોમાં આજે કુટુંબવાદ પણ બચ્યો નથી. તેનું એક કારણ એ છે કે ત્યાંના કલ્ચરમાં અને કાયદાઓમાં 'સ્વાતંત્ર્ય' શબ્દને ઘણું વધારે પડતું સ્વાતંત્ર્ય મળેલું છે.

ત્યાં સંતાનોને બગાડવાની તમામ સવલતો અર્પે તેવું ફ્રિ કલ્ચર છે અને સાથે જ તે કલ્ચરને કવચ આપે તેવું કાનુની પડ પણ છે. માત્ર બે થી ત્રણ વર્ષની ઉંમરે પહોંચેલો બાળક પોતાના અલગ રૂમ માટે હકદાર બને છે. આવા પરિવારને સિંગલ રૂમ-કિચનનો ફ્લેટ ન ચાલે. તેણે બાળક માટે અલગ રૂમની જોગવાઈ કરવી જોઈએ કારણ કે દરેક બાળકને પોતાની જીંદગી હોય છે અને પ્રાઈવસીને તે લોકો જીંદગીનો એક બહુ જ અગત્યનો મામલો ગણે છે.

તાકાત હોય તો પોતાના (હા, પોતાના) સંતાન સાથે પપ્પા કડક વલણ અખત્યાર કરી જુએ ! ગણતરીની

જ મિનિટોમાં ઘર નીચે પોલિસવેન આવી શકે છે અને ગુન્હેગાર(!) પપ્પાને કડક શબ્દોમાં ચેતવણી આપી શકે છે: "તમારા છોકરા સાથે સરખી રીતે વર્તતા શીખો!" એટલી શી વાતમાં પોતાના રૂમમાંથી પર્સનલ ફોન પરથી પોલિસને ડાયલ કરીને પોતાના પપ્પાને ગિરફ્તાર કરાવી દેવા સુધીની સત્તા જે દેશના બાળકોને મળતી હોય તે દેશની ખાજો દયા, તે બાળની ખાજો દયા!

બાલ્યકાળ અને કિશોરાવસ્થામાં સમજણની અને તેથી વધારે તો અનુભવની મર્યાદા રહેવાની. સંતાન કોઈ ખોટી ટેવ કે ખોટી સોબતનો ભોગ બની જાય તે સંભવિત છે. આવી સ્થિતિમાં તેના ઉછેર, ઘડતર, સંસ્કરણની બધી જવાબદારી તેના વાલીની છે. બાળકને પોતાની જીંદગી હોય છે તેની ના નથી પણ તેની જીંદગી ઘડવાની કો'કની જવાબદારી પણ હોય છે તે ભુલવું ન જોઈએ.

બાળકના સારા ઘડતરમાં તેને મળતું વાતાવરણ ઘણો મોટો ભાગ ભજવે છે. Your Geography Can Shape Your Future. સંસ્કારપ્રેમી પરિવારો આથી જ બાળકોને તંદુરસ્ત મિત્રવર્તુળ વચ્ચે રાખે છે. જેનું સર્કલ ખરાબ, તેની જીંદગી ખરાબ!

જૈનોમાં નાનપણથી જ પાઠશાળામાં જઈને જ્ઞાનાભ્યાસ કરવાની કે ઘરે ધાર્મિક શિક્ષકને બોલાવીને અથવા મમ્મી-પપ્પા પાસે ભણવાની પરંપરા બહુ જુની અને જાણીતી છે. વેકેશનોમાં વિદ્વાન શ્રમણ-શ્રમણી ભગવંતોના પરિચયમાં રહીને વિશેષ અભ્યાસ કરનારા બાળકો પણ છે.

બાળ ઉંમર એ માત્ર રમતગમતની ઉંમર નથી પણ સંસ્કરણ માટેનો શ્રેષ્ઠ સમય છે. બાળકોનું grasping પણ ઘણું ઝડપી હોય છે. સંસ્કારપ્રેમી પરિવારોના વાલીઓ આ કર્તવ્ય પ્રત્યે પૂર્ણ સભાન હોય છે અને બાળકોના બાહ્ય – આંતરિક વિકાસ અંગે પ્રયત્નશીલ હોય છે.

નાનપણાથી જ સત્ત્વનું ખાતર–પાણી પામીને ઊગેલા આવા કોઈ છોડ પર વૈરાગ્યની ડાળી પર જો શ્રામણ્યનું ફળ બેસે તો નવાઈ ન લાગે. આવા બાળકને વ્યવસ્થિત તાલીમ આપીને તૈયાર કરાય છે અને પછી તેની દીક્ષા થાય છે.

આજે કોઈ બાળક દીક્ષા ગ્રહણ કરે એટલે કેટલીક સંસ્થાઓ જાણે મોટો આંતકવાદી હુમલો થયો હોય તેવો માહોલ સર્જી દેતા હોય છે. જો બાળક પોતાની ઈચ્છાથી, વડીલોની સંમતિપૂર્વક અગાઉથી તાલીમ લઈને દીક્ષા ગ્રહણ કરતો હોય અને પાછળ તેની કાળજી–સર્વાંગીણ વિકાસની જવાબદારી લેનારા ગુરુ અને શ્રી સંઘ હોય, પછી તેમાં ખોટુ શું છે ? જો કે વર્ષે આવી દીક્ષા લાખો બાળકોમાંથી માંડ બે–પાંચ થતી હશે. કારણ કે દીક્ષા સહેલી પણ નથી અને સસ્તી પણ નથી.

**આંખ મીંચીને કોઈ બાળકને દીક્ષા ન અપાય તે સત્ય પણ આંખ મીંચીને બાળ દીક્ષાનો વિરોધ પણ ન કરાય તે પરમ સત્ય !**

# બાળસંન્યાસ નો વ્યાપ

બાળદીક્ષા કે બાળસંન્યાસની પરંપરા માત્ર જૈનધર્મ પૂરતી મર્યાદિત નથી.

બૌદ્ધ ધર્મના સર્વોચ્ચ પદ પર આરૂઢ થતા ધર્મગુરુ લામાને બાળપણથી જ પૂર્વજન્મના સંસ્કારોના આધારે ધર્મસંઘના સુકાની બનાવવામાં આવે છે. બૌદ્ધધર્મના વર્તમાન સર્વોચ્ચ ધર્મગુરુ દલાઈ લામાનો જન્મ ૬/૭/૧૯૩૫ ના રોજ આમડો પ્રાંતનાં તેકટસર ગામમાં થયો હતો.

તિબેટીયનો એવી માન્યતા ધરાવે છે કે ઈ.સ.૧૩૫૧ માં જન્મ ધારણ કરનારા દલાઈ લામાનો આત્મા જ ફરી ફરીને જન્મ ધારણ કરે છે અને તેમને જ આ પદ આપવાની પરંપરા છે. ઈ.સ.૧૯૩૩ માં ૧૩મા દલાઈ લામા થુયતેન ગ્યાસ્તોનું અવસાન થયું ત્યારબાદ તેમનો આત્મા ક્યાં ગયો તે અંગે શોધ ખોળ ચાલતી હતી.

એકવાર લ્હામાઈ લ્હાત્સો નામના પવિત્ર તળાવમાં વરિષ્ઠ બૌદ્ધ ધર્મગુરુઓએ તિબેટિયન ભાષામાં ‘આ’, ‘કા’ અને ‘મા’ અક્ષરો જોઈ સાથે સ્વર્ણિમ છાપરાવાળો ત્રણ માળનો આશ્રમ અને ત્યાંથી ટેકરી તરફ જતી એક કેડી જેવો રસ્તો પણ દેખાયો. છેલ્લે તેમને ભવિષ્યના દલાઈ લામાનું વર્તમાન ઘર પણ પાણીમાં દેખાયું.

‘આ’ અક્ષર આમડો પ્રાંતને સૂચવે છે ‘કા’ અક્ષર કુમ્બુમ નામના આશ્રમને સૂચવે છે. એમ સંકેત સમજીને તેમણે શોધ આદરી અને ત્રણ માળનો સોનેરી છાપરાવાળો આશ્રમ પણ શોધી કાઢ્યો. ત્યાં થોડા જ

સમય અગાઉ એક બાળકનો જન્મ થયો હતો. જેનું નામ લ્હામો થોન્ડૂપ હતું. અને એ તેરમા દલાઈ લામાનો જ આત્મા હોવાની પૂરી સંભાવના હતી.

હવે આ નિર્ણય કઈ રીતે કરવો તે મોટો પ્રશ્ન હતો. એટલે રાજ્યના અધિકારીઓએ સરસ ઉપાય અજમાવ્યો. મૃત્યુ પામેલા દલાઈ લામા જે ચીજ વસ્તુઓ વાપરતા હતા તેવી અનેક ચીજ વસ્તુઓ લાવીને લ્હામાને બતાવી અને તે બાળકે તરત તે ઓળખી બતાવી. ખાતરી થતા જ તરત આ ત્રણ વર્ષના બાળકને તિબેટની રાજધાની લ્હાસા ખાતે લઈ જવામાં આવ્યો ત્યાં ધામધૂમથી ઈ.સ. ૧૯૪૦ માં માત્ર છ વર્ષની ઉંમરે તેઓ સર્વોચ્ચ ધર્મગુરુ દલાઈ લામા ઉપરાંત તિબેટના રાજકીય વડા તરીકે જાહેર થયા.

ઈ.સ. ૧૯૫૦ માં તિબેટ પર ચીને કબ્જો લીધા બાદ ભારતે દલાઈ લામાને આશ્રય આપ્યો હતો અને ત્યારથી તેઓ ભારતમાં રહીને બૌદ્ધ ધર્મનું સંચાલન કરી રહ્યા છે.

દલાઈ લામાએ આ વાતો પોતાની આત્મકથામાં જણાવી છે જેનાથી પૂર્વજન્મના સંસ્કારોની વાતને પુષ્ટિ મળે છે. શરીરો બદલાવા છતાં આત્મા એ જ રહે છે. સંસ્કારોનો સંચય આત્મામાં થતો હોય છે. બાળક નાનું હોય છે તે શરીરના કદથી. આત્મા તો દરેકનો સમવયસ્ક જ હોય છે. હિમાચલ પ્રદેશમાં ધર્મશાલા વિગેરેમાં આજે પણ મોટી સંખ્યામાં બૌદ્ધ સાધુ જોવા મળે છે. તિબેટમાં પણ બહુ મોટા પ્રમાણમાં બાળસંન્યસ્તો જોવા મળશે.

૧૯મી સદીની શરૂઆતમાં જન્મે નીલકંઠ નામના બાળકની વાત જાણવા જેવી છે. પૂર્વભવના કોઈ સંસ્કારોના પ્રભાવે માત્ર ૧૧ વર્ષની બાળવયે સંસાર પ્રત્યે વૈરાગ્ય થતા તેમણે સદ્‌ગુરુની શોધ આદરી. ભારત ભ્રમણ કરતા છેવટે તે રામાનંદ સ્વામી પાસે દીક્ષિત થયા. અને થોડા વરસો બાદ માત્ર ૧૯ વર્ષની ઉંમરે સંપ્રદાયની જવાબદારી સંભાળી હતી. આ સહજાનંદ સ્વામી છે. જે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રણેતા છે.

સંત જ્ઞાનેશ્વરના બાળવયે વૈરાગ્યભાવ અને ગીતારચના પ્રસિદ્ધ છે, પ્રહ્લાદનો બાળવયે આંતરિક ઉત્કર્ષ પ્રસિદ્ધ છે.

દક્ષિણ ભારતના કાલડી ગામમાં જન્મેલો એક તેજસ્વી બાળક પૂર્વસંસ્કારોથી પ્રેરાઈને માત્ર ૮ વર્ષની વયે સંન્યાસ લઈ આદ્ય શંકરાચાર્ય બની વૈદિક ધર્મ પરંપરામાં શિરમોર ગણાયેલ છે.

આમ, બાળદીક્ષા એ અન્ય ધર્મોમાં પણ પ્રસિદ્ધ અને પ્રચલિત બહુ પ્રાચીન પરંપરા છે.

# ઈતિહાસના આયનામાં બાળદીક્ષા

દીક્ષાના ભાવને રોકનાર જે કર્મ છે તેને ચારિત્ર મોહનીય કર્મ કહે છે. તે કર્મનું જોર ઘટે (એટલે કે તે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય) ત્યારે જીવને દીક્ષાના ભાવ જાગે છે. જેમના ચારિત્ર મોહનીય કર્મ મજબૂત હોય તેમને તેવા ભાવ ન જાગે. સામાયિક, પૌષધ વગેરે આરાધના, સાધુવંદન, સુપાત્રદાન, ચારિત્રપદની ઉપાસના વગેરે ઉપાયોથી જીવ પોતાના ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમને તૈયાર કરે છે.

શાસ્ત્રોમાં ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમને તૈયાર કરવાના અનેક ઉપાયો/કારણો દર્શાવ્યા છે તેમાં પુખ્ત વયને ક્યાંય કારણ તરીકે મૂક્યું નથી. એટલે કે પુખ્ત વય એટલે કે શરીરની અમુક અવસ્થા થાય પછી જ દીક્ષાના ભાવ જાગે એવું ક્યાંય દર્શાવ્યું નથી. આના પરથી ફલિત થાય છે કે દીક્ષાના ભાવને પુખ્ત વય સાથે કોઈ સંબંધ નથી. પૂ. હરિભદ્રસૂરિ રચિત પંચવસ્તુક ગ્રંથમાં બાળદીક્ષાની વિસ્તૃત ચર્ચા છે. તેમાં આ વાત સ્પષ્ટ કરવામાં આવી છે.

દીક્ષા ગ્રહણ કરનારા જીવની યોગ્યતા ચકાસવામાં આવે છે. જૈન શ્રમણ સંઘમાં જે આવે તેને પ્રવેશ મળતો નથી. તે તાલીમ માટે મહિનાઓ સુધી સાથે રહીને ઘડતર પામે છે. જૈનશાસ્ત્રોમાં તેની પાત્રતા તપાસવા માટે સોળ માપદંડો મૂકાયા છે. તેમાં પણ 'પુખ્તવય'નો માપદંડ દર્શાવાયો નથી. આના પરથી પણ

ફલિત થાય છે કે દીક્ષાને પુખ્ત વય સાથે સાંકળવાનું જ્ઞાની પુરુષોને જરૂરી જણાયું નથી.

બાળકના આંતરિક સંસ્કારોનું પરીક્ષણ કરીને તેનો સ્વાભાવિક રસ કઈ દિશામાં છે તે ચકાસીને તથા દીક્ષા માટે યોગ્ય શારીરિક તથા માનસિક બળ જોઈને તેને દીક્ષા આપવામાં આવે છે.

જૈનધર્મમાં બાળદીક્ષાની પરંપરા કાંઈ નવી નથી. ભગવાન મહાવીર સ્વામીના વખતથી આજ સુધીમાં સેંકડો – હજારો બાળદીક્ષાઓ થઈ છે. તેમાં સાધક કક્ષાએ તો લગભગ દરેક બાળદીક્ષિતે સફળતા મેળવી છે. પણ સદીઓમાં પાકે તેવા વિશિષ્ટ પ્રભાવક કક્ષાએ પહોંચનારા પણ તેમાં ઘણા પાક્યા છે. તેમના પ્રભાવમાં રાજાઓ અહિંસાનું પ્રવર્તન કરનારા થયા છે. શ્રેષ્ઠીઓ દાનાદિમાં જોડાયા છે. લાખો લોકો શીલ–સદાચારના માર્ગે સ્થિર થયા છે. નાની ઉંમરે દીક્ષા લીધા બાદ જિનશાસનના વિરાટ ગગનમાં ચમકેલા કેટલાક તારલાઓને આપણે યાદ કરીએ :

- ❑ માત્ર ઘોડિયામાં સૂતા રહીને સાંભળવા દ્વારા અગ્યાર અંગસૂત્રો કંઠસ્થ કરી લેનારા વજસ્વામીજી બાળદીક્ષિત હતા.
- ❑ જેમના નામ પરથી પાલિતાણા શહેરનું નામ પડ્યું હતું (પાદલિપ્તપુર) તે પૂ. પાદલિપ્તસૂરિજી પણ બાળદીક્ષિત હતા.
- ❑ ગ્વાલિયરના આમ રાજાના પ્રતિબોધક અને રોજના એક હજાર શ્લોકો કંઠસ્થ કરી શકનારા પૂ.

બપ્પભટ્ટસૂરિજી પણ આઠ વર્ષની ઉંમરે બાળદીક્ષિત હતા.

- ❑ કુમારપાળ રાજાના પ્રતિબોધક અને ગુજરાત તથા ગુજરાતી ભાષાની અસ્મિતાના મૂળ તરીકે જેમને ઉમાશંકર જોષી જેવા મૂર્ધન્ય સાહિત્યકારે પણ નવાજ્યા છે તેવા પૂ.હેમચંદ્રાચાર્યજી બાળદીક્ષિત હતા.
- ❑ સંતિકરં વગેરે સ્તોત્રોના રચયિતા, ૨૪ વખત સૂરિમંત્ર પ્રસ્થાનના સાધક પૂ.મુનિસુંદરસૂરિજી મ. બાળદીક્ષિત હતા.
- ❑ શ્રાવકોના જીવન આચારોનો આદર્શ ગ્રંથ શ્રાદ્ધવિધિ પ્રકરણ જેમણે રચ્યો છે. તે પૂ.રત્નશેખરસૂરિજી બાળદીક્ષિત હતા.
- ❑ મોગલ સમ્રાટ અકબર પ્રતિબોધક પૂ.શ્રી હીરસૂરિજી મ. પણ તેર વર્ષની ઉંમરે બાળદીક્ષિત હતા.
- ❑ લાખો શ્લોકો અને સેંકડો સ્તવનોના સર્જક, જેમના રચેલા દાર્શનિક ગ્રંથો ઉકેલવા કાશી બનારસના વિદ્વાન પંડિતોને પણ માથું ખંજવાળવું પડે, તેવા પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. પણ નવ વર્ષની ઉંમરે બાળદીક્ષિત હતા.
- ❑ જૈન સંઘમાં જે મહાપુરુષોના સમુદાયો (શિષ્ય પરંપરા) આજે ચાલે છે, તે મોટા ભાગના પૂજ્યો બાળદીક્ષિત છે / હતા.

# બાળદીક્ષાનો અખંડ દીવો

ભારતમાં અંગ્રેજ રાજ હતું ત્યારથી બાળદીક્ષા વિરોધના બીજ નંખાયા છે.

અંગ્રેજોએ બનાવેલી કાઉન્સિલ ઓફ સ્ટેટમાં યુનાઈટેડ પ્રોવિન્સિસ (આજના ઉત્તરપ્રદેશ) તરફથી રહેલા સભાસદે ઈ.સ. ૧૯૨૩ના ૩૦મી જાન્યુઆરીએ બાળદીક્ષા વિરોધી પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જે છેવટે કાયદાકીય જોગવાઈ અને લોક વિરોધને જોતા પડતો મૂકાયો હતો.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછીના દાયકામાં જ ઈ.સ. ૧૯૫૬માં ગુજરાતના સંસદસભ્ય કુલદીપસિંહ ડાભીએ ૨૮મી ફેબ્રુઆરીએ એક બાળદીક્ષા વિરોધી પ્રસ્તાવ રજુ કર્યો હતો. જો કે તેમાં પણ બહુમતી મેળવી શકાઈ નહીં અને તેનું સૂરસૂરિયું થઈ ગયું. પછી ઈ.સ. ૧૯૫૯માં ઝૂલનસિંહ નામના સંસદસભ્યે ભારતની સંસદમાં બાળદીક્ષા પ્રતિબંધક બિલ રજૂ કર્યું હતું. પણ પછી તેમણે પોતે જ આ બિલ પરત ખેંચી લીધું હતું. તે જ વર્ષમાં દીવાનચંદ શર્મા નામના સંસદસભ્યે ફરી બાળદીક્ષા પ્રતિબંધક બિલ રજૂ કર્યું હતું. તેના પર ચર્ચા પણ થઈ હતી પણ છેલ્લે તે પણ નામંજુર થયું હતુ.

આ રીતે ભારતીય સંસદમાં બાળદીક્ષાને અટકાવવા માટે થયેલા અત્યાર સુધીના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. અલગ અલગ સ્ટેટ લેવલ પર પણ આવા પ્રયાસો થયા છે. જ્યારે વર્તમાનના ગુજરાત અને

મહારાષ્ટ્ર બંને એક મુંબઈ રાજ્યરૂપે ગણાતા હતા. ત્યારે મુંબઈ રાજ્યના વિધાનસભ્ય પ્રભુદાસ બાલુભાઈ પટવારીએ વિધાનસભામાં બાળદીક્ષા પ્રતિબંધક બિલ રજૂ કર્યું હતું.

સ્વભાવે ધર્મવિરોધી, સુધારક મિજાજી, વ્યવસાયે વકીલ, અમદાવાદના રહેવાસી શ્રીપટવારીએ ૯મી મે ૧૯૫૫ ના દિવસે રજૂ કરેલ એ બિલ પર જોરદાર ચર્ચા થવાની હતી.

તે વખતે પૂનામાં બિરાજમાન પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે આ બાબતે તાકીદે કંઈક કરવા તેમના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજીને જણાવ્યું. પૂનાના જૈન વિધાનસભ્ય શ્રી પોપટલાલ રામચંદ્ર હસ્તક અન્ય ત્રણેક વિધાનસભ્યો સાથે મુલાકાત થઈ. તદુપરાંત પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજય મ. સ્વયં મુખ્યપ્રધાનને બંગલે જઈ શ્રી મોરારજીભાઈ દેસાઈને મળ્યા. તેમની સામે વિસ્તારથી વાત રજૂ કરતા શ્રી મોરારજીભાઈના મનના વિચારો બદલાયા અને વિધાનસભામાં ચર્ચા દરમ્યાન મોરારજીભાઈએ એકાદ કલાકનું વેધક વક્તવ્ય રજૂ કર્યું. આ ઐતિહાસિક ભાષણે ચિત્ર બદલી નાંખ્યુ.

ભારતની ઋષિપરંપરાનો ખ્યાલ આપી, દરેક નાગરિકને મળેલા ધાર્મિક સ્વાતંત્ર્યના સંદર્ભમાં બાળદીક્ષાની યોગ્યતાની તેમની રજૂઆત ઉપરાંત પ્રચંડ લોકમત જે બાળદીક્ષાની તરફેણમાં હતો તેનાથી તે બિલ પાસ ન થઈ શક્યું.

બાળદીક્ષા એક એવો દીવડો છે, જેને પ્રભુવીરના

શાસનમાં પૂજ્ય શ્રીઅઈમુત્તાજી પછીથી પૂજ્ય શ્રી વજસ્વામીજી એ પ્રગટેલો રાખ્યો છે. જેના તેજસ્વી પ્રકાશમાં શ્રી જિનશાસન અને ભારત વર્ષ ઝળહળતું રહ્યું છે. જાણીતા ગુજરાતી લોકકવિ શ્રી ઉમાશંકર જોષી જેમને ગુજરાતની અને ગુજરાતી ભાષાની અસ્મિતાના મૂળમાં હોવાનું કહે છે તે શ્રી હેમચંદ્રાચાર્યજી બાળદીક્ષિત હતા.

આજે પણ અનેક સ્થળે વિશિષ્ટ પદ શોભાવી રહેલા દાયકાઓ પૂર્વેના બાળદીક્ષિતો શાસનને શોભાવી રહ્યા છે. વર્તમાન શિક્ષણ, વિદેશી તંત્રો, આંતરરાષ્ટ્રીય પરિબળો દ્વારા ઝંઝાવાતી પવન ફુંકાય છતાં, પૂર્વપુરુષો દ્વારા પ્રગટેલો બાળદીક્ષાનો આ ઝળહળતો દીવો એ અખંડદીવો રહેશે અને શાસનની જ્યોતિ ઝળહળતી રાખશે એ વાત નિ:શંક છે.

# દીક્ષા V/s શિક્ષા

"મમ્મી ! આ બકરી કેમ રડે છે ? તેને કાન ખેંચીને આ ભાઈ ક્યાં લઈ જાય છે ?"

"બેટા ! લાગે છે કે કદાચ તેને કતલ માટે લઈ જતા હશે"

"અચ્છા. મને એમ કે તેને સ્કૂલમાં લઈ જતા હશે."

આ સંવાદ ઘણું કહી જાય છે. શિક્ષણના નામે શૈશવ પર થતા અત્યાચારની અહીં કેફિયત છે.

બાળકને પરાણે સ્કૂલમાં મોકલવામાં આવતો હોય છે. જો તે માને નહીં તો ધાક-ધમકીથી, જોર જુલમથી, બળજબરીથી અને અને ક્યારેક તો મારપીટ કરીને રડાવીને સ્કૂલમાં મોકલવામાં આવતો હોય છે. આ દૃશ્ય હજારો-લાખો ઘરોમાં રોજ જોવા મળશે.

એક કડવી વાસ્તવિકતા છે કે આજે શિક્ષણનું મૂલ્ય વધ્યું છે પણ મૂલ્યોનું શિક્ષણ અપાતું નથી. આની સામે ધર્મ હંમેશા મૂલ્યશિક્ષા પીરસે છે, છતાં ધર્મ ઉપર નિયંત્રણો મૂકાય છે અને મૂલ્યહીન શિક્ષણ બાળકો માટે ફરજિયાત કરાયું છે.

શિક્ષણશાસ્ત્રીઓ ઉપરાંત માનસશાસ્ત્રીઓ પણ બે વર્ષની ઉંમરથી શિક્ષણ આપવાની પદ્ધતિને અવૈજ્ઞાનિક ગણે છે. લાખો બાળકોના બાળપણ અહીં કચડાતા દેખાય છે ત્યારે ચાઈલ્ડ વેલફેર કમિટી કેમ નિષ્ક્રિય છે ?

મીઠી નીંદર માણતા બાળકને સવારની ગુલાબી ઠંડીમાં છ વાગે જગાડીને મમ્મી સ્નાન કરાવતી હોય ત્યારે બાથરૂમમાં પણ બાળક ઊંઘતું હોય છે. ત્યારે પરાણે તેની ઊંઘ ઉડાડીને તેને સ્કૂલડ્રેસ પહેરાવીને બસ ભેગો કરી દેવામાં આવે છે ત્યારે ચાઈલ્ડ વેલફેર કમિટીને કાંઈ કરવા જેવું નથી લાગતું ?

બાળકોના ઊંઘવાના પ્રાથમિક અધિકાર માટે સ્કૂલોને ૯.૦૦ વાગ્યા પછીનો જ ટાઈમ રાખવા જેવી નાની ટકોર પણ શું કરી ન શકાય ?

પંચગીની, દહેરાદૂન, ઉટી કે એવી બીજી કોઈ Distant Schools માં ભણતા અને રહેતા બાળકો મહિને એકાદ વાર પણ પોતાના પેરન્ટ્સને મળી શકતા નથી. આવી સ્કૂલોના કાયદા મુજબ બાળક પોતાના પેરન્ટ્સને અમુક જ વખત અને અમુક જ સમય સુધી મળી શકે છે. આવા કાયદાઓમાં અને શિક્ષણ પદ્ધતિમાં કહેવાતા બાળ હિતચિંતકો (!) ને કાંઈ જ અજુગતું લાગતું નથી ?

શિક્ષણના બોજથી, પરીક્ષાના સ્ટ્રેસથી, નિષ્ફળતાના આઘાતથી પુખ્ત થતા પૂર્વે જ જીવન ટૂંકાવી દેનારા બાળકો (Child Suciders)ની સંખ્યા આ દેશમાં પાંચ આંકડામાં છે તેનો ખ્યાલ આ બાળહિતચિંતકોને છે ખરો ? આ અંગે કોઈ બાળહિંતચિંતકોની આંખ કરડી થતી નથી, કલમ ઊઠતી નથી, જબાન ખૂલતી નથી. અને તેમની નરી નિષ્ક્રિયતા હેઠળ હજારો નમણા શમણા વીંખાય છે ?

આજે બાળકને બે વર્ષની ઉંમર પહેલા શિક્ષણ આપવાની શરૂઆત એટલા માટે નથી થતી કે તે પૂર્વે

બાળક બરાબર બોલતા, બેસતા ને ચાલતા શીખ્યો હોતો નથી. નહીંતર...

તદ્દન શિશુ અવસ્થાથી શરૂ થતી શિક્ષણ પ્રથા આગળ જતા કેવો અત્યાચાર સર્જે છે તે જોવા માટે કોઈ દસ, બાર, ચૌદ વર્ષની ઉંમરના બાળકની વ્યસ્ત જીવનશૈલી તરફ નજર કરી જોજો.

છ કલાકની સ્કૂલ અને સાથે ક્લાસિસ અને ટ્યૂશન્સના એટલા જ બીજા કલાકો ! આજના વિદ્યાર્થીના કેલેન્ડરમાં હવે રવિવાર જેવું કશું ય રહ્યું નથી અને "મામાના ઘર" જેવું વેકેશન પણ હવે વાસ્તવમાં તેને મળતું જ નથી.

આ બધા કારણે બાળકના જીવનમાં આનંદ ઘટે છે અને આક્રંદ વધે છે, જે તેના મુરઝાયેલા મુખ પર સ્પષ્ટ વંચાય છે. ઓવર સ્ટ્રેસ સર્જતા ભારેખમ શિક્ષણે બાળકો પર કેવો અને કેટલો અત્યાચાર ચલાવ્યો છે તે જાણવું હોય તો બાળવયમાં થતી આત્મહત્યાના આંકડા તપાસી જુઓ ! ચાઈલ્ડ સ્યૂસાઈડના ઓફિશ્યલ ફિગર દર વર્ષે પાંચ ડિજિટમાં આવતા થયા છે. સમયોચિત પગલા ન લેવાય તો આ આંકડા વધવાની પૂરી સંભાવના છે.

પોતાની પૂરી હોંશ સાથે, વાલીની સંમતિપૂર્વક દીક્ષા ગ્રહણ કરનારા અને ખૂબ જ પ્રસન્નતાપૂર્વક ઉજ્જવળ જીવન ગાળનારા સામે અવાજ ઉઠાવનારાને આ આંગળી ચીંધણું છે.

બાળદીક્ષાના પ્રશ્ને એક સુફિયાણી વાત લગભગ કાયમ આવતી હોય છે. અમારો દીક્ષા સામે કોઈ વિરોધ

નથી, પ્રશ્ન માત્ર ઉંમરનો છે ! તેમને કહેવાનું મન થાય છે કે પ્રશ્ન જો માત્ર ઉંમરનો હોય તો

**દીક્ષાની ઉંમર તો યોગ્ય છે પણ**

**શિક્ષણની ઉંમર વિચારવાની જરૂર છે !**

આજે શિક્ષણ શરૂ થવાની ઉંમર ઘટતી જાય છે. પાંચ વર્ષની ઉંમર સુધી માતાના હુંફાળા ખોળામાં કિલ્લોલ કરતું બાળક આજે ઉંમરના સાતમા વર્ષે તો તેની શૈક્ષણિક કારકીર્દિના પાંચ વર્ષ પસાર કરી ચુકેલું હોય છે.

બાળકને બાળપણથી શિક્ષણ આપવું જોઈએ તે વાત સાચી પણ તે બાળપણ પણ કંઈક મોટી ઉંમરનુ હોવું જરૂરી છે. બાળદીક્ષાનો વિરોધ કરનારા ચાઈલ્ડ વેલફેરના હિમાયતીઓને બે વર્ષની ઉંમરથી પણ વહેલી શરૂ થતી બાલશિક્ષામાં બાળકોનું થતું સ્પષ્ટ અહિત દેખાતું નથી ?

માતાનો ખોળો એ બે વર્ષના બાળક માટે ઈન્ટેન્સિવ કેર યુનિટ છે. પ્રારંભિક વર્ષોમાં તેને ત્યાં મળતી હૂંફ, સ્નેહ અને સંસ્કારો તેના જીવનમાં પ્રાણવાયુની ગરજ સારે છે. ખરેખર તો શૈશવની કુમળી વયમાં જ બાળક પાસેથી માતાનો ખોળો ખૂંચવી લેતી વર્તમાન શિક્ષણ પ્રથા સામે ફૂંફાડો મારીને લાખો બાળકોના વેલફ્રેન્ડ બનવાની તાતી જરૂર છે.

આજના શિક્ષણવિદો, ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ્સ અને મનોવૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે કે માત્ર બે વર્ષની ઉંમરથી શિક્ષણના બોજ નીચે આવી જતું બાળક આગળ

જતાં અનેક બૌદ્ધિક અને માનસિક સમસ્યાઓનો ભોગ બને છે.

રડતા બાળકોને બળજબરીથી બાલમંદિરની દિવાલોમાં કેદ કરી રાખવા એ હકીકતમાં અત્યાચાર છે. બાળદીક્ષિત સામે વિચારહીન આંદોલન ચલાવનારા અને બાળસાધુની પૂછપરછ માટે નીકળી પડનારાને પડકાર છે કે બે-પાંચ બાળકોને પૂછી જુએ કે બેટા! તને સ્કૂલમાં સવારે સાત કલાકે વાગતો બેલ વધારે ગમે? કે બપોરે એક કલાકે વાગતો બેલ વધારે ગમે?

બાળકોનો અંદાજિત જવાબ જાણતા હોવાથી તે લોકો આવું પૂછતા ગભરાય છે અને બોજલ શિક્ષણના સ્ટીમરોલર તળે બિચ્ચારૂં શૈશવ કચડાય છે.

આ દેશમાં બાળમજૂરી માટેના કાયદા બને છે પણ પોતાના પંડ જેવા વજનદાર દફતર ઊંચકીને જતા લાખોની બાળમજૂરી અંગે સર્વત્ર મૌન!

અહીં બાંધકામ અંગેના કાયદાઓ બને છે. પ્લોટ એરિયાનો બે તૃતીયાંશ ભાગ લગભગ ખુલ્લો રાખીને બાંધકામ થતું હોય છે. જ્યારે શિક્ષણમાં સ્કૂલ-ક્લાસિસ-ટ્યુશન્સ-એક્ઝામ્સના હેવી કન્સ્ટ્રક્શન માં Open Space જેવું પણ ખાસ કાંઈ બચતું નથી. આ વિષયમાં કેમ કાંઈ થતું નથી?

બાળદીક્ષા લેનારા બાળકો બે અને અઢી વર્ષની ઉંમરના નહીં પણ આઠ, દશ કે બાર વર્ષની ઉંમરના હોય છે. બાળદીક્ષા તો કોઈ વિરલ અને વિશિષ્ટ બાળક જ લે છે. જ્યારે બાલશિક્ષાની ફરજ તો લાખો બાળકો પર

પાડવામાં આવે છે.

બાળદીક્ષા અંગીકાર કરનાર બાળકને બળજબરીથી દીક્ષા અપાતી નથી. તે હસતા મુખે લે છે અને હસતા-રમતા પાળે છે. શિક્ષણમાં આવું નથી.

જો ખરેખર કોઈને લાખો બાળકોના તારણહાર બનવું હોય તો પાંચ-છ વરસની ઉંમર સુધી બાળકને શિક્ષણ ન આપતા તેને સ્વયં વિકસવા દેવા અંગે આંદોલન ચલાવવાની જરૂર છે. સ્વૈચ્છિક બાલદીક્ષા તો કલ્યાણકારી પરંપરા છે. બાળશિક્ષણ જો દોઢ-બે વર્ષની ઉંમરથી શરૂ થતું હોય તો તે બાળશિક્ષા નથી પણ બાળને શિક્ષા છે!

# જો બાળહિત કરવું જ હોય તો...

આ દેશમાં કેવળ ડાયેરિયા ને મલેરિયા થવાથી અને સમયસર સારવાર નહીં મળી શકવાથી મોતને ભેટનારા બાળકોની વાર્ષિક સંખ્યા છ આંકડામાં છે. તેમના વેલ્ફેર માટે કેટલી કાર્યવાહી થઈ રહી છે ?

બાળમજૂરી બંધ કરવા અંગે કાયદો થવા છતાં લાચારીને કારણે પણ બાળમજૂરી કરનારા હજી લાખો બાળકોને ફરજિયાત ગણાતું પ્રાથમિક શિક્ષણ પણ મળી શકતું નથી. તેમના વેલફેર માટે કેટલી કાર્યવાહી થઈ રહી છે ? શું માત્ર સુફિયાણી ચાઈલ્ડ પોલિસી બનાવી દેવાથી બધું પતી જાય છે ?

બાળવયમાં ટપોરીવેડા કરનારા અને ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાઈ જનારા ચાઈલ્ડ ક્રિમિનલની સંખ્યા પણ ઘણી મોટી છે. તેમના વેલફેર માટે કેટલી કાર્યવાહી થઈ રહી છે ?

કુમળીવયમાં અત્યંત ઘૃણાસ્પદ એવા લોહીના વેપારમાં ધકેલાઈ જતી બાળાઓની સંખ્યા પણ કાંઈ નાની સૂની નથી. તેમના વેલફેર માટે કયા નક્કર પરિણામલક્ષી પ્રયાસો થઈ રહ્યા છે ?

વિદેશી પર્યટકો દ્વારા કચડાઈ જતા બાળપણના ધારક એવા સેંકડો કમનસીબ બાળકો આ દેશમાં કો'કના શિકાર બનતા રહ્યા છે અને બનતા રહે છે. તેમના વેલફેર માટે પર્યટન સ્થળો પર, પર્યટકો પર કે પ્રવાસન ઉદ્યોગ પર નિયંત્રણ કેટલા મૂકાય છે અને

પળાય છે ?

કોઈ બાળ ગુન્હેગારને કે કોઈ ચાઈલ્ડ પ્રોસ્ટિટ્યૂટ ને બચાવવા નીકળી પડ્યા હોય તેવી અદાથી ગણતરીના બાળદીક્ષિતોને ઉગારવા (!) નીકળી પડેલી સંસ્થાઓ કે વ્યક્તિઓને તેમના ખરા કાર્યક્ષેત્રની સમજ નથી એવું લાગે છે.

સમાજમાં બાળમજૂર કદાચ દયાપાત્ર ગણાતો હશે. બાળ ગુન્હેગાર કે બાળવેશ્યા સમગ્ર સમાજમાં દયાજનક અને શરમજનક સ્થિતિમાં છે જ્યારે બાળ સાધુ તો સમાજમાં અત્યંત આદરપાત્ર સ્થિતિને પામેલા છે.

ભલભલા શ્રીમંતો પણ બાળસાધુનો કેટલો આદર કરે છે ? એ અને તેમાં પણ બાળ સાધુ કેવા નિર્લેપ રહી શકે છે ? તે વિરલ દૃશ્યને જેમણે જોયા ન હોય તેઓ ઉતાવળે સમજ્યા વગરનું બાળહિત કરવા નીકળી પડ્યા છે.

દીક્ષા તો આત્મસાધનાનો અધિકૃત માર્ગ છે, જ્યાં બાળકના સંસ્કારો બગડવાનું કોઈ જોખમ નથી. પણ બીજા ઘણા સ્થળોમાં, જ્યાં બાળકના સંસ્કારોને નુકસાન પહોંચે છે ત્યાં કોણ વિચારશે ?

સગીર વયના બાળકને લગ્નની છૂટ મળતી નથી. લાઈસન્સ વગર કોઈ પણ ઉંમરે હાથમાં રિવોલ્વર લઈ શકાતી નથી. પરંતુ કાચી ઉંમરે આડા રસ્તે જવાની અને હિંસક બનવાની પ્રેરણા તેને જેમાંથી મળે છે તે ટેલિવિઝનનું રિમોટ બાળક પકડી શકે છે.

નાની ઉંમરમાં બાળકને ગેસ-સ્ટવનું લાઈટર

હાથમાં પકડવા ન અપાય, પણ તે ઉંમરમાં આજે બાળક હાથમાં ટેલિવિઝનનું રિમોટ પકડતું થયું છે.

દુનિયાભરની હિંસકતા અને અશ્લીલતાનો કચરો જે ટીવી દ્વારા ઠલવાય છે, તે ટીવી જોવા માટે આ દેશમાં કોઈ કાયદા નથી. હાથમાં સ્ટીયરીંગ પકડવા માટે વયસ્ક બનવું જરૂરી છે પણ હાથમાં ટેલિવિઝનનું રિમોટ પકડવા માટે ગમે તે વયે છૂટ !

મોટા ભાગે આડવપરાશ અને ગેરવપરાશ માટેનું હાથવગું સાધન પૂરવાર થયેલા મોબાઈલ ફોન ઓછામાં ઓછી કઈ ઉંમરે ધારણ કરી શકાય તેના કોઈ ધારા-ધોરણો કાયદામાં નથી.

ઈન્ટરનેટ પર બેસીને ગમે તે સાઈટ ખોલી શકવાનો કે સર્ફિંગ અને ચેટિંગ કરવાનો પરવાનો કઈ ઉંમરે હોઈ શકે તે દિશામાં કોઈ ચિંતા કે ચિંતન થતાં નથી.

તત્કાલીન કેન્દ્રીય HRD મિનિસ્ટર કપિલ સિબ્બલે ૨૦૧૨ માં ટિપ્પણી કરી હતી કે બાળકો જ્ઞાનને મેળવવાને બદલે પોર્નોગ્રાફી મેળવવા ઈન્ટરનેટનો વપરાશ કરે છે તે દુ:ખદ છે. આ ટિપ્પણીમાં વ્યથા ચોક્કસ છે. વિકલ્પનું શું ?

લગ્નની ઉંમર ૧૮ અને ૨૧ વર્ષની નક્કી કરી હોવા છતાં જાતીય સમાગમની વયમર્યાદા તેનાથી ઓછી નક્કી કરનારા ચાઈલ્ડ સેક્સને પ્રોત્સાહન આપે છે તેમ શું ન કહેવાય? બાળકોના સંસ્કારોના રક્ષણની જવાબદારી લઈને ફરનારાઓ જવાબ આપે! જો એટલી હદ સુધીની

છૂટ આપી શકાય તો મતાધિકાર ૧૬ વર્ષથી કેમ નથી અપાતો ?

જુવેનાઈલ ક્રાઈમ રેટ સતત વધતો જાય છે. ૧૨ વર્ષના છોકરાઓ ૧૦ વર્ષના છોકરાનું યોજનાબદ્ધ અપહરણ કરે છે અને આ બધું ટીવી પર દર્શાવાતી ક્રાઈમ સિરિયલોમાંથી શીખ્યાનું કબૂલે છે. ત્યાં આ કહેવાતા બાળહિતસ્વીઓ આગળ કેમ નથી આવતા ?

વિડીયો ગેમ્સ અને કમ્પ્યૂટર ગેમ્સ અંગે આપણે ત્યાં કોઈ સેન્સરશિપ નથી. આવી ગેમ્સ દ્વારા બાલમાનસમાં ક્રૂરતા અને વિકૃતિનું જે વાવેતર થાય છે તેની સામે આ કહેવાતા બાળહિતસ્વીઓ કોઈ જ જન આક્રોશ કે જન આંદોલન નથી કરતા. અને સંસ્કારોની વાવણી કરનાર દીક્ષા કોઈ બાળક ગ્રહણ કરે તેનો જ વિરોધ ?

લાખો બાળકોના જીવનને સ્પર્શતા ઉપરોક્ત તમામ મુદ્દાઓ સામે ચૂપકીદી અને વર્ષે થતી માંડ બે-પાંચ-સાત બાળદીક્ષાઓ અંગે આપખુદી ? બાળશયતાનિયતની ચિંતા નથી ને બાળસંન્યાસ આંખમાં કણાની જેમ ખૂંચે છે ?

કેદખાના બાળકેદીઓથી ઉભરાય તે બાબત ચિંતાજનક લાગતી નથી અને વેઢે ગણી શકાય એટલા બાળકો દીક્ષા ગ્રહણ કરે ત્યારે ઉબકા આવે છે ?

બાળ હિતસ્વી લોકો આંતરનિરીક્ષણ કરે. બાળહિતની એમની ભાવનાને ઉપરોક્ત વિગતોમાંથી ઘણું મોટું કાર્યક્ષેત્ર મળી શકે છે.

# પ્રશ્નોના સમાધાન

**બાળદીક્ષા વખતે કેટલાક કોમન પ્રશ્નો પૂછાતા હોય છે જેના જવાબો ખુલ્લા મનથી મેળવી શકાય છે.**

**૧) દીક્ષા પછી બાળકને ઘરે ઘરે ફરીને ભોજન મેળવવું પડે તે શું ઉચિત છે ?**

☞ દીક્ષા લેનારાને (મોટી ઉંમરવાળાને પણ) શરૂઆતમાં તો ગોચરી વહોરવા જવાનું થતું નથી. તેમાં પણ બાળકને તો મોકલવાનો લગભગ પ્રશ્ન જ નથી રહેતો. બાળદીક્ષિતને લગભગ આ બધી ક્રિયાઓ વર્ષો બાદ કરવાની આવે છે. ત્યાં સુધી સહવર્તી અન્ય સાધુ ભગવંતો ખૂબ પ્રેમથી તેમની ગોચરી લાવવા વગેરે કાર્યો સંભાળે છે. ગોચરી વહોરવા જવું એ જૈન સાધુનો ગૌરવવંતો આચાર છે.

અહીં એક વાત ખાસ સમજી રાખો કે ગોચરી વહોરવા જવું અને ભીખ માંગવી આ બે ઘટના તદ્દન જુદી છે. ભીખ માંગનારો લાચાર છે, માત્ર દેનારની દયા પર નભે છે અને દેનારનો આભાર માને છે. જ્યારે જૈનોમાં ઘરે સાધુ-સંતોને વહોરવા માટે બોલાવવાની, વિનંતી કરવા જવાની પરંપરા છે. તે અંગેની પરંપરા ખૂબ જીવંત અને જ્વલંત છે. જૈન સાધુને થતાં વંદન, વહોરાવવાની, પ્રક્રિયા અને તેમનો જળવાતો વિનય તેમની કક્ષા દર્શાવે છે. આ સ્થિતિએ પહોંચેલ બાળદીક્ષિતને દયાપાત્ર માનનાર ખુદ દયાપાત્ર છે.

ઘણા ફેરિયાઓ ઘરે ઘરે ફરે છે. કેટલાય

સેલ્સમેન ડોર ટૂ ડોર માર્કેટિંગ કરે છે. કેટલી ય બેન્કો Loan વગેરે માટે સામે ચાલીને Canvassing કરવા જાય છે. આ બધાને માન મળે જ એ જરૂરી નથી. ઘણા ઉતારી પણ પાડે છે. Unwanted કે Unwelcome કેટેગરીમાં ગણે છે. જ્યારે જૈનસાધુનો અનુભવ તદ્દન જુદો છે.

કોઈ બિલ્ડિંગના સિક્યોરિટી ગાર્ડ, ઓળખ ન હોવાથી આવનાર શ્રમણને રોકે નહીં તે માટે બિલ્ડિંગમાં રહેતા રહેવાસી, વોચમેનને અગાઉથી ખાસ કહી રાખતા હોય છે. આવા આદરપાત્ર ને ભિખારી સાથે કોઈ સરખાવે, તે તેના વિચારની દરિદ્રતા છે.

એક વિશેષ વાત એ છે કે જૈન શાસ્ત્રોમાં સેવાના પાત્રોનો ઉલ્લેખ મળે છે. તેમાં પણ બાળ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી-વડીલ-નૂતન દીક્ષિત... આ લિસ્ટમાં બાળ અને નૂતન દીક્ષિતનો ઉલ્લેખ છે. તે સેવાનું પાત્ર છે, સેવાનું સાધન નથી આનો ખ્યાલ રહે છે.

**૨) નાની ઉંમરના બાળકોના વાળ ખેંચી કાઢવા એ શું ક્રૂરતા નથી?**

☞ કોઈની ઇચ્છા વિરૂદ્ધ તેના વાળ ખેંચી કાઢવા અને કોઈ સ્વેચ્છાએ કેશલુંચન કરાવે તે બંને પ્રક્રિયામાં ઘણો મોટે ફરક છે. મુંડનની જેમ આ એક ધાર્મિક બાબત છે. તેને તે દૃષ્ટિકોણથી મૂલવવી જોઈએ. વળી, વાળ એક ઝાટકે ઝનૂનથી ખેંચી કાઢવામાં આવતા નથી. ચપટી એ ચપટીએ વાળ લેવાય છે, કેશલુંચન એ પણ એક કળા છે. જેમનો હાથ બેસી ગયેલો હોય તેવા શ્રમણ આ પ્રક્રિયા ઘણી ઓછી પીડાએ કરી શકે છે. વળી આ પ્રક્રિયા વર્ષે બે

વાર કરાય છે.

દેહ-આત્મા જુદા છે એ થીયરીને સતત ઘુંટ્યા પછી તેને અનુભવવાનો આ એક નાનકડો પ્રયોગ છે. આને કાયકષ્ટને બદલે Practicals of soul-body differentiation theory કહી શકાય. આમ, આ આધ્યાત્મિક શિક્ષણ પદ્ધતિના પાઠ્યક્રમનો એક હિસ્સો છે.

**(૩) બાળવયે દીક્ષા લેનારને જોઈને તરત જ પ્રશ્ન થાય કે "બાળકને આ ઉંમરે કેટલી ખબર પડે? તે શું છોડી રહ્યો છે તેનું તેને જ્ઞાન જ નથી" સમજણ જ ન હોય તેને દીક્ષા કઈ રીતે આપી શકાય?**

☞ એક વાત બહુ સ્પષ્ટ છે કે મોટા પાસે હજી બળજબરીથી ત્યાગ કરાવી શકાય, બાળક પાસેથી તેની મનગમતી વસ્તુ તેની મરજી વિરુદ્ધ છોડાવવી ખૂબ અઘરી છે. તે ફૂલ વોલ્યુમમાં રડવા જ માંડે અને તમાશો ખડો કરી દે. તેનાથી ચડિયાતી મનગમતી વસ્તુ મળે તો જ તે સહજ રીતે પેલી વસ્તુ મૂકે. સ્વેચ્છાએ દીક્ષા લેનારા બાળકને જો સાધુજીવન મનગમતું લાગ્યું હશે તો જ તેના બદલામાં તે બધું છોડવા તૈયાર થયો હોય.

આ ઉંમરે છૂટી જતી બીજી ચીજોની વાત છોડો પણ બાળવયે તેને અત્યંત પ્રિય એવી રમતો, રમકડા અને મનભાવન ચોકલેટ્સ જેવી અઢળક વસ્તુઓ તો તેણે વર્તમાનમાં જ છોડવી પડે. તો જ દીક્ષા લઈ શકાય છે. આટલી સાદી અને સીધી સમજ તો બાળક પાસે હોય જ છે

અને તે હોંશપૂર્વક બધું છોડે છે.

આશ્ચર્ય એ વાતનું છે કે બાળવયથી જાતીય શિક્ષણના નામે નર્યો ગંદવાડ બાળકોને પીરસવા ઉત્સુક બનનારાઓની સામે જ્યારે વિરોધ પ્રદર્શિત કરાય છે ત્યારે તે લોકોનો જાહેર તર્ક હોય છે: 'ભાઈ! હવે તો છોકરાઓ આઠ ને દશ વર્ષની ઉંમરથી જ ઘણા મેચ્યોર્ડ થઈ ગયા હોય છે. તેમને બધી ખબર પડવા લાગે છે. આજના ટાબરિયાને હવે નાના ન કહી શકાય!'

જાતીય શિક્ષણ આપવું હોય ત્યારે જેમને આજનો બાળક બાળવયે કંઈક પુખ્ત જેવો લાગવા માંડે છે એ લોકો દીક્ષા ગ્રહણ કરતાં બાળકને અણસમજું કઈ રીતે કહે છે?

**(૪) નાની ઉંમરે દીક્ષા લીધા પછી વખત જતા તેને ન ફાવે તો શું થાય?... જીવનભરની પ્રતિજ્ઞા લઈને પસ્તાવાની લાગણી થાય તો શું થાય? તેના કરતા મોટી ઉંમરે જ નિર્ણય લે તો તે પરિપક્વ અને પુખ્ત નિર્ણય લઈ શકે ને?**

☞ દીક્ષાની વાત કરતાં પહેલા આપણે લગ્નનો દાખલો લઈએ. એકવીસ અને અઢાર વર્ષની લઘુતમ વય લગ્ન માટે મુકર્રર થયેલ છે. પુખ્ત વયે નિર્ણય લઈને કરાતા લગ્નમાં નિષ્ફળતાનો દર કેટલો છે? વેવિશાળ તૂટવા તો જાણે શર્ટના બટન તૂટવા જેવી સહજ ઘટના બની ગઈ છે. નિર્ણય પુખ્ત વયે થાય છે. જીવનભરના કમિટમેન્ટ્સ આ નિર્ણયમાં પણ સમાયેલા છે. તેમ છતાં

આજે લગ્નવિચ્છેદ એ વ્યાપક સામાજિક દુર્ઘટના બની ગઈ છે. શું નિર્ણય લેવા માટે એકવીસ વર્ષની ઉંમર પણ નાની ગણાશું ?

નિર્ણયમાં માત્ર ઉંમરનો ફાળો હોતો નથી. અન્ય પરિબળો પણ ચકાસવાના રહે છે, જેની ચકાસણી દીક્ષા વખતે (બાળદીક્ષા વખતે ખાસ) થતી હોય છે અને તેથી જ નિષ્ફળ નીવડેલા લગ્નો કરતાં નિષ્ફળ નીવડતી દીક્ષાનો દર ઘણો ઘણો નીચો છે, લગભગ નહીંવત્ છે.

C.A. કે એન્જિનીયરિંગ કોર્સ કરવાનો નિર્ણય લઈ લીધા પછી કોર્સ લાંબો કે કઠિન લાગવાથી પસ્તાવાની લાગણી કેટલા ય સ્ટુડન્ટ્સને થાય છે. દીકરા-દીકરીને દસ-બાર વર્ષની ઉંમરે સ્વતંત્ર મોબાઈલ અપાવી દીધા પછી તે ખોટું થઈ ગયું હોય તેવી લાગણી કેટલાય મા-બાપને થાય છે !

આ બધાની સામે દીક્ષિત થનાર કે દીક્ષા આપનાર વાલીને આવી પસ્તાવાની લાગણી થતી નથી.

**૫) ભલે બધા નહીં, પણ કોઈ એકાદ બાળદીક્ષિતને પણ પાછળથી પસ્તાવાની લાગણી થઈ હોય કે એકાદ પણ બાળદીક્ષા નિળ્ફળ નીવડી હોય તો તેના પરથી શીખ લઈને બાળદીક્ષા બંધ કરવી ન જોઈએ ?**

☞ ક્રિકેટ રમતા રમતા રમણ લાંબાને બોલ વાગ્યો અને તેનું મૃત્યું થયું હતું! કાર રેસિંગમાં જીવલેણ અકસ્માત થતા રેસરનું મૃત્યુ થાય. સાહસ ખેડવામાં ખડક સાથે અથડાઈને માઈકલ શૂમેકર કોમામાં જતો રહ્યો.

ચાલુ કુસ્તીમાં બોક્સરના મૃત્યુ થયેલા છે. છતાં તે બધી રમતો બંધ થઈ નથી.

- ❑ કોઈ પણ કંપનીના ઉત્પાદનમાં rejection રહેવાનું. rejection ratio સાવ નજીવો કે નહીંવત્ હોય તો કંપની માલ બનાવવાનું બંધ નહીં કરે.
- ❑ છેલ્લા ૬૦ વર્ષથી આ દેશમાં લોકશાહી નિષ્ફળ રહી છે. છતાં લોકશાહીનો વિકલ્પ કોઈ શોધતું નથી.
- ❑ ક્રિકેટ જેવી રમતોમાં વ્યાપકપણે ફિક્સિંગનું દૂષણ દાખલ થઈ ગયું છે. છતાં તેના પર કોઈ પ્રતિબંધ મૂકતું નથી.
- ❑ અતિ નાની વયે શિક્ષણ શરૂ થવાથી બાળ મનોરોગીઓની સંખ્યા છ આંકડાને આંબી જવા છતાં છ વર્ષની ઉંમર સુધી બાળકને ભણતર શરૂ નહીં કરાવવાનો કાયદો કોઈ ઘડતું નથી.
- ❑ તમાકુ જેવું એકાદ તત્ત્વ વર્ષે લાખોને કેન્સરની પીડા અને અકાળે મૃત્યુની સજા ફટકારે છે. છતાં તમાકુનું ઉત્પાદન જ બંધ કરવાનું કોઈ વિચારતું નથી.
- ❑ ઇન્ટરનેટ અને અવનવા ગેઝેટ્સ લગભગ બધા બાળકોની માનસિક, બૌદ્ધિક અને સાંસ્કારિક તંદુરસ્તી સામે મોટો ખતરો છે એવું જાણવા, સમજવા અને અનુભવવા છતાં પણ તેના પર કોઈ નિયંત્રણ મૂકાતા નથી.
- ❑ વધતા પ્રદૂષણે બાળ આરોગ્ય સામે જોખમ ઊભું કર્યા છતાં પણ તે અંગે કોઈ નક્કર પગલા લેવાતા નથી.

- ❑ ભારતના રસ્તાઓ પર ચાર સમસ્યાઓ મોં ફાડીને ઊભી છે. પ્રદૂષણ–પેટ્રોલિયમની અછત–ટ્રાફિક અને અકસ્માત! દર વર્ષે લાખો લોકો આના ભોગ પણ બને છે. છતાં નવી કારના લાઈસન્સ ઇસ્યૂ કરવા પર કોઈ પ્રતિબંધ મૂકાતો નથી.
- ❑ મીડિયા એક્સ્પોઝરના માઠા પરિણામો લોકો ભોગવે છે. હિંસા, દુરાચાર માઝા મૂકીને ચાલે છે. છતાં મીડિયા પર કંટ્રોલ મૂકવાની કોઈ વાત નથી.

લાખો લોકોના જીવનને બરબાદ કરતી આવી અનેક બદીઓ સામે કોઈ પગલા લેવાતા નથી અને સદીઓથી ચાલી આવતી બાળદીક્ષાના હિતકર માર્ગે કોઈ બે–ચાર બાળકો ડગ માંડે ત્યારે કાગારોળ શા માટે? કાગારોળ મચાવનારાને બાળકોના બાળપણ પ્રત્યે લાગણી છે કે ધર્મ પ્રત્યે નફરત?

**(૬) બાળકને બાળપણથી ધર્મ સંસ્કારો આપવામાં આવે છે એમાં જ દીક્ષા લેવા / આપવાની વાત આગળ વધે છે. બાળક મોટો થાય ત્યાં સુધી તેને કોઈ વળાંક ન અપાય અને પુખ્ત થતા તે જાતે નિર્ણય લઈને દિશા નક્કી કરે તે જ યોગ્ય કહેવાય ને?**

☞ આ પ્રશ્ન તો ઘણી જગ્યાએ ખડો થશે. સ્પોર્ટ્સમેનનો દીકરો શરૂઆતથી જ સ્પોર્ટ્સમાં સક્રિય રહે છે. અભિનેતાના સંતાનો ફિલ્મ લાઈનમાં આગળ વધે છે. રાજકારણીના દીકરા પોલિટિક્સમાં ખીલે છે.

જીવન ઉત્કર્ષના અલગ અલગ પાસા હોય છે. કેટલાક શારીરિક વિકાસને અગ્રક્રમ આપનારા પોતાના

બાળકને શરૂઆતથી જ તે મુજબનો ખોરાક આપે છે કસરત અને કુસ્તી શીખવે છે.

કલાવિશ્વને પ્રધાનતા આપનારા (અથવા પોતે તેને પ્રધાનતા આપનારા ન પણ હોય છતાં જો બાળકની તે પ્રકારની Potential અને રસ જણાય તો) બાળકને નાની વયથી સંગીત, ચિત્રકામ કે નૃત્યકળાની દિશામાં પ્રોત્સાહિત કરે છે.

આધ્યાત્મિકતા એ પણ જીવનનું એક અગત્યનું પાસું છે. તે દિશામાં આગળ વધી શકે તેવા રસ અને ક્ષમતા જણાય તો વાલી તેને તે રસ્તે કેમ પ્રોત્સાહિત ન કરી શકે? વળી બાળકને તેમાં રુચિ હશે તો જ તેમાં તે ટકશે.

બાળકને નાનપણાથી (આમ તો ગર્ભકાળથી) જ સારા સંસ્કાર આપવા એ પેરન્ટ્સનું પ્રાથમિક કર્તવ્ય છે. આજે જેટલા સંસ્કારી સભ્ય બાળકો દેખાશે તેના ઘડતરમાં મોટાભાગે તેના પેરન્ટ્સનો અને તેના કૌટુંબિક વાતાવરણનો ઘણો મોટો ફાળો હશે.

વ્યક્તિના ઉછેરમાં તેના કૌટુંબિક વાતાવરણની અસર હોય જ છે. આ રીતે જો કુટુંબના ધર્મમય વાતાવરણની અસર બાળક પર રહે તો તે તેનું સૌભાગ્ય ગણાવું જોઈએ. તેમાં ખોટું શું છે?

**(૭) "સંસાર અસાર છે" એવું વારંવાર ઘુંટાવીને બાળકોના મનમાં ઠસાવી દેવામાં આવે છે અને મોક્ષના કાલ્પનિક સુખોના ભ્રામક ખ્યાલોમાં બાળકને રાચતો કરી દેવામાં આવે છે. આવી ચાલાકી કરીને સાધુઓ**

**પોતાનો શિષ્યવર્ગ વધારવાનો ધંધો કરે રાખે છે"**

☞ કેટલાક કહેવાતા બૌદ્ધિકોને 'સાધુ' શબ્દની જ એલર્જી હોવાથી તેઓ આવો પ્રશ્ન ઉછાળે છે. પહેલી વાત એ છે કે બાળક એને કહેવાય જે નજરે દેખાતું જ પકડે. પરિણામના સુખના કારણે પ્રવૃત્તિનું સુખ જતું કરે એ વાત સામાન્યથી ચાઈલ્ડ સાયકોલોજી નહીં પણ મેચ્યોર્ડ સાયકોલોજી કહેવાય.

બાળકો પરીક્ષા વખતે પણ રમવાનું છોડી શકતા નથી કારણ કે કરિયરનું સુખ એ આવતી કાલનું સુખ છે અને રમતનું સુખ એ વર્તમાન સુખ છે. બાળક લગભગ વર્તમાનજીવી હોય છે.

છતાં કેટલાક નાની ઉંમરે સરસ ભણતા દેખાય તો તેને ઠરેલ, સમજુ અને વિવેકી કહીએ છીએ. આનો અર્થ કે અસામાન્ય કિસ્સાઓમાં એવું બનવું સંભવિત છે કે બાળપણમાં મેચ્યોર્ડ સાયકોલોજી પણ હોઈ શકે છે. તો તેવા કિસ્સાઓમાં એ દેખીતો બાળ અને અંદરથી પ્રબુદ્ધ ગણાવો જોઈએ.

ભોળા બાળકોને પટાવીને દીક્ષા અપાવીને શિષ્યો વધારવાની વાતમાં કોઈ જ દમ એટલા માટે નથી કે વીશ હજાર સાધુ-સાધ્વીજીઓ વચ્ચે વર્ષે ચાર-છ કે આઠ બાળકોને દીક્ષા અપાય તેમાં કઈ મોટી શિષ્યવૃદ્ધિ થઈ જવાની હતી ?

**(૮) મોટી ઉંમરે પણ વૈરાગ્યભાવ દુર્લભ જણાય છે ત્યારે બાળ ઉંમરે આંતરિક પ્રબુદ્ધતા આવી ગઈ હોય શકે તેવું માનવું શું ઉચિત છે ?**

જૈનોના આગમસૂત્ર શ્રી ઠાણાંગ સૂત્રમાં જીવોના ચાર ભેદ જણાવ્યા છે :

ઉંમરથી નાના, ગુણથી મોટા.

ઉંમરથી નાના, ગુણથી નાના.

ઉંમરથી મોટા, ગુણથી નાના.

ઉંમરથી મોટા, ગુણથી મોટા.

બાળ દીક્ષિતો પહેલા વિકલ્પમાં સમાય છે.

આમાં ઉંમરથી બાળ હોવા છતાં પણ ગુણોથી વિકસિત દશા હોઈ શકે તેવો ભેદ પણ જણાવ્યો છે.

જીવોમાં આ કક્ષા જો સંભવિત જ ન હોય તો શાસ્ત્રોમાં આવી કક્ષાનો ઉલ્લેખ પણ ન હોત. પ્રત્યક્ષ રીતે પણ ક્યાંક નાની ઉંમરમાં ગુણોની ખીલવણી જોવા મળે છે તે આ વાતને પુષ્ટિ આપે છે. ('લિટલ વન્ડર્સ' વાળી વાતોને ફરી યાદ કરવા ભલામણ)

બધા બાળકોમાં આવી સંભાવના હોતી નથી. પછી તેમને ભોળવીને શિષ્યો વધારવાની વાતને ક્યાં સ્થાન આપશો ? ખુલ્લી આંખે દેખી શકાય તેવું એક સત્ય છે કે વર્ષે જૈનદીક્ષા ગ્રહણ કરનારા અંદાજે સવાસોથી દોઢસો દીક્ષાર્થીમાંથી મોટા ભાગે પંદર-સોળ વર્ષથી ઉપરના જ હોય છે. આઠથી બાર વર્ષની મુખ્ય ગણાતી ચાઈલ્ડ એજમાં દીક્ષા લેનારા વર્ષે માંડ બે-ચાર બાળકો હશે. હજારો બાળકોમાંથી આ કક્ષાની સફળતા મેળવનારા બાળકો જ્યારે એક બે ટકા પણ નથી ત્યારે તે બાળકો નાદાન છે તેવું માનવાને બદલે તે બાળકો નાની વયે

અસાધારણ જીવદળ ધરાવનારા હોઈ શકે આવી Positive કલ્પના કરવી ન્યાયયુક્ત અને તર્કસંગત લાગે છે.

**(૯) બાળકના જીવનનો હક્ક અને જવાબદારી જેના છે એવા વાલી પણ જ્યારે બાળકને તરછોડી દે ત્યારે સમાજહિતેચ્છુઓ, કોર્ટ અને સરકાર તે બાળકોના હિત માટે આગળ ધસી આવે તેમાં ખોટું શું છે ?**

☞ સૌથી મોટી ગેરસમજ એ છે કે દીક્ષા ગ્રહણ એટલે વાલીઓ દ્વારા બાળકને તરછોડવું! દીક્ષા ગ્રહણ કરનાર સ્વજનોને છોડતો નથી પણ સ્વજનવર્ગનું વિસ્તરણ કરે છે.

દીક્ષા પછી પણ "અમારા મહારાજ સાહેબ" તરીકેની વિશેષ લાગણી તેના સ્વજનવર્ગમાં કાયમ અકબંધ જોવા મળે જ છે તે ઉપરાંત ગુરુ પણ તેની કાળજી લે છે અને સમગ્ર જૈન સંઘ તે સાધુને પોતાના પૂજનીય માનતો થાય છે અને તેમની સર્વાંગીણ કાળજી કરે છે.

જૈનોમાં દીક્ષાધર્મ અને સાધુ-સાધ્વીજી ભગવંતો માટે જે આદર છે તે ભાગ્યે જ બીજે જોવા મળે છે. તેના મૂળમાં જૈન સાધુના જીવનના ત્યાગ – વૈરાગ્ય – જ્ઞાન અને ગુણનો પ્રભાવ છે. સાધુ ભગવંતને જોઈને તો જૈનનું મસ્તક નમે જ છે, પણ દીક્ષા ગ્રહણ કરનાર દીક્ષાર્થીને જોઈને પણ જૈનો નમી પડે છે. કોઈ દીક્ષાર્થી જ્યારે દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે તેમને સાધુ જીવનમાં ઉપયોગી થનારા વસ્ત્ર-પાત્ર-ઉપકરણો અર્પણ કરાય છે. મૂળ કિંમતે નજીવી રકમના ઉપકરણો અર્પણ કરવા લાખો રૂપિયાની ઉછામણી બોલાય છે. આ તેમના માટેનો લોક આદર સૂચવે છે.

દીક્ષા બાદ પણ તેમના સર્વાંગીણ વિકાસની વ્યવસ્થા, માંદા પડે ત્યારે તેમની ચિકિત્સા (વૈયાવચ્ચ) માટેની પૂરતી સવલતો, વિહાર દરમ્યાન લેવાતી કાળજી દુનિયાભરના ધર્મોને આદર્શ પૂરો પાડે તેવી છે. એક સાધુ માંદા પડે ત્યારે તેમની સારવાર માટે ગૃહસ્થોમાં ઘણીવાર પડાપડી થતી હોય છે. તાવ- ખાંસીના ઈલાજથી લઈને બાયપાસ સર્જરી સુધીની બધી જ વ્યવસ્થા તેમના માટે જૈનસંઘ દ્વારા ત્વરિત થઈ જાય છે. કોઈ જૈનસાધુનો કાળધર્મ-સ્વર્ગવાસ થયો હોય ત્યારે હજારોનો જનસમૂહ તેમની અંતિમયાત્રામાં જોડાય છે. તે જૈન સાધુ માટે લોકહૃદયમાં બેઠેલી લાગણી દર્શાવે છે.

આ માટે હજારો સ્થળે-દરેક જૈન સંઘમાં ખાસ સાધુસેવા (વૈયાવચ્ચ) માટેના સ્પેશ્યલ ફંડ હોય છે. જૈનધર્મની સદીઓ જૂની આ માળખાકીય વ્યવસ્થાને જાણીને ભલભલાના મસ્તક ઝૂકી જશે!

જૈન સાધુ વર્ગના અભ્યાસ, સર્વાંગીણ વિકાસથી લઈને તેમની નાદુરસ્ત તબિયત વગેરે સમયે તેમની સેવા શુશ્રૂષા (વૈયાવચ્ચ) ની અપ્રતિમ વ્યવસ્થા જૈનોમાં છે તે ભાગ્યે જ બીજે હશે.

આવા બાળદીક્ષિતો માટે Deserted શબ્દ વાપરવો કે 'Deserted' શબ્દના કવરેજ હેઠળ બાળદીક્ષિતને આવરી લેવા તે ગેરસમજની પરાકાષ્ઠા કહેવાય. પરણીને સાસરે જતી દીકરીને જેમ Deserted કહી શકાય નહીં તેમ દીક્ષાગ્રહણ બાદ સાધુજીવન પાળનારાને 'તરછોડાયેલ' કહેવું તે મૂર્ખામી કહેવાય.

વિધિસરની જવાબદારીની સોંપણી જ્યાં થતી હોય ત્યાં 'તરછોડાયેલ' શબ્દ તદ્દન ગેરવ્યાજબી છે. વાસ્તવમાં તો સાધુ-સાધ્વીજી જૈન સંઘમાં જે રીતે પૂજાય છે, સચવાય છે, તે જોતા તેમને માટે 'તરછોડાયેલ' શબ્દ વાપરનાર સામે માનહાનિનો દાવો કરવો જોઈએ. 'તરછોડાયેલ' તો તેને કહેવાય કે જેને સાચવણની જરૂર હોય અને સાચવનાર કોઈ જ ન હોય. દીક્ષાવિધિ જાહેરમાં, અને સકલ સંઘની હાજરીમાં થાય છે એ જ જવાબદારીની સોંપણી ગણાવી જોઈએ.

બાળમુનિ માટે આમ પણ વિશેષ કાળજી લેવાતી હોય છે. તેમના સર્વાંગીણ વિકાસની ઉજળી તકોને પૂરતો સપોર્ટ મળે છે અને માટે જ બાળદીક્ષિતોમાંથી પ્રભાવક કક્ષાએ પહોંચનારાની સંખ્યા ઘણી વધારે છે.

બાળક કોઈ caretaker નીચે હોવો જરૂરી છે તે વાત સમજી શકાય છે. તે માટે છ કક્ષાઓ કહેવાયેલ છે.

Parents, Adoptive Parents, Foster Parents, Guardians, Fit Person, Fit Institution.

બાળકને દત્તક લેવાની શૈલી દેશમાં ચાલે છે માત્ર અનાથ, ત્યજી દેવાયેલ બાળકો જ દત્તક લેવાય છે તેવું નથી. સગા નાના ભાઈને સંતાન ન હોય તો મોટા ભાઈના એકાદ સંતાનને નાનો ભાઈ દત્તક લે છે. આમ, ગોદ લેવાની પરંપરા આપણે ત્યાં છે. પછી બાયોલોજિકલ પેરન્ટ્સનું કાર્ય એડોપ્ટેડ પેરન્ટ્સ કરશે. દીક્ષા લેનારના ગુરુ એક 'Fit Person' ની કક્ષામાં આવે છે.

દીક્ષા ગ્રહણ કરતાં બાળકને કોઈ તરછોડતું

નથી. તેના સર્વાંગીણ વિકાસ, કાળજીની જવાબદારીની વિધિસરની સોંપણી (Transfer of Responsibility) થાય છે.

દીક્ષાવિધિ દરમ્યાન ખાસ એક વિધાન કરાય છે જેને 'દિગબંધન' કહે છે. તેમાં કઈ ઉજ્જવળ ગુરુપરંપરામાં આ દીક્ષિત થનાર પોતાનું જીવન સમર્પિત કરી રહ્યા છે? અને કયા ગુરુ ભગવંત વિશેષ પ્રકારે તેમની સારસંભાળ અને જ્ઞાનવિકાસ વગેરે કાર્ય સંભાળશે? તેની વિધિવત જાહેરાત થાય છે. કોઈ પણ કાયદાકીય રીતે સોંપાયેલ જવાબદારી કરતા આ રીતે જવાબદારીના સ્વીકારની Sanctity અનેકગણી વધું છે.

જે સાધુ-સાધ્વીજી અદ્ભુત લોક આદર મેળવવા ઉપરાંત નિશ્ચિંત પણે સાધના કરે છે તેમની દયા ખાઈને કોઈએ આગળ આવવાની ભૂલ પણ કરવા જેવી નથી, અને હિંમત પણ !

**ખાસ નોંધ : તાજેતરમાં હાઈકોર્ટે એવી કમેન્ટ કરી છે કે કાળજી લેવા લાયક બાળકો માટે "State shelters are most unsafe!" આ અગાઉ પણ બાળ સુધારગૃહોની નરકાગાર જેવી પરિસ્થિતિ મીડીયાદ્વારા સ્પષ્ટ દર્શાવાયેલ છે.**

**૧૦) જેટલા બાળકો દીક્ષા લે તે બધા કાંઈ હેમચંદ્રાચાર્ય નથી બનતા. પછી જૂના પ્રભાવક બાળદીક્ષિતોના નામે બધાની બાળદીક્ષાને વ્યાજબી ઠેરવવી કેટલી યોગ્ય છે!**

☞ બેટ પકડનારા બધા સચિન તેંડુલકર નથી બનતા... ગાનારા બધા લતા મંગેશકર નથી બનતા....

વેપાર કરનારા કે કારખાના ચલાવનારા બધા અંબાણી નથી બનતા. છતાં દરેકની ખ્વાઈશ તેવી જરૂર હોય છે. પોતાનું ઘર ચલાવવા માટે કોઈ વેપાર કરે છે. ભાગ્ય સાથ આપે અને અંબાણી બની જવાય તો ઘરની સાથે ઘણાના ઘર ચલાવે છે! કોઈ બાળદીક્ષિત હેમચંદ્રાચાર્ય બને તો તે ખૂબ જ આનંદદાયક વાત છે પણ કોઈ બાળક હેમચંદ્રાચાર્ય બનવા માટે જ દીક્ષા નથી લેતો.

દીક્ષા સ્વકલ્યાણ માટે છે. વિશેષ પ્રતિભા, પનોતી પુણ્યાઈ, વિરલ શક્તિના સંયોગો થતા લોકકલ્યાણના મોટા દરવાજા ખૂલે તો તે વધારાનો ફાયદો છે. પ્રભાવક બનવાની શક્યતા બધામાં ન પણ હોય તો પણ આરાધક બનવાની શક્યતા તો દરેકમાં રહેલી છે. દીક્ષા લેનાર સ્વકલ્યાણના ઈરાદાથી ગ્રહણ કરે છે.

પણ બાળદીક્ષાનો વિરોધ કરનારાએ સંભવિત પ્રભાવકતાને પણ સમજવાની હોય છે. બાળદીક્ષાના વિરોધથી માત્ર કોઈ એકનું કલ્યાણ નથી અટકતું પણ સંભવિત હજારોનું હિત અને અનેક નવા સર્જનો પણ રૂંધાઈ શકે છે.

એક ડેલિગેશન ગામે ગામ ફરતુ હતું. ત્યાંનો ઇતિહાસ નોંધે, ત્યાં જન્મેલા મહાપુરુષો અંગે પૃચ્છા કરે, માહિતી મેળવે અને ગ્રામ્ય ઇતિહાસ તૈયાર કરે. એક ગામમાં તેમણે પ્રશ્ન પૂછ્યો "તમારા ગામમાં કોઈ મહાપુરુષનો જન્મ થયો છે?" તેમને જવાબ મળ્યો "અમારા ગામમાં કોઈ મહાપુરુષનો જન્મ થયેલ નથી. અમારા ગામમાં માત્ર બાળકોનો જ જન્મ થયો છે."

જન્મજાત મહાપુરુષ કોઈ ન હોય, છતાં પુરુષાર્થ થકી મહાપુરુષ બનનારા ઘણા હોય છે.

ધંધુકા ગામમાં જન્મેલો ચાંગો કે કનોડા ગામમાં જન્મેલ જસવંત પણ સાધારણ બાળક જ હતા. બાળ ઉંમરે દીક્ષિત થઈને તે ચાંગો **હેમચંદ્રાચાર્ય** બને છે અને જસવંત **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** બને છે !

# જુવેનાઈલ જસ્ટિસ એક્ટ : ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર

કેટલીક બાબતો સ્વભાવે જ Sensitive ગણાય છે. ધર્મ, ધાર્મિક વિધાનો, ધાર્મિક પરંપરા અને ધાર્મિક લાગણીઓ આ દેશમાં વિશેષે સંવેદનશીલ બાબત ગણાય છે. ભારતના બંધારણે દરેક ભારતીય નાગરિકને આપેલા મૂળભૂત અધિકારો (Fundamental Rights) માં ધાર્મિક સ્વાતંત્ર્ય પણ ગણાયું છે. (Public Order, Health and Morality) ને આધીન રહીને આ અધિકાર ભોગવાય તેમાં સરકાર, પોલિસ કે અદાલતો પણ હસ્તક્ષેપ કરી શકતી નથી. આ અંગે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટે અનેક ચુકાદાઓ આપેલા છે. તેમ છતાં છેલ્લા ઘડાયેલા 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ'ની કેટલીક કલમો બાળદીક્ષાને લાગુ પાડવાની કોશિષ થઈ રહી છે. ત્યારે આ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હકીકતમાં શું છે અને તે શા માટે અને કોના માટે ઘડવામાં આવ્યો છે તે મૂળમાં જઈને તપાસવું જરૂરી છે.

આ કાયદાનું નામ "ધી જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શાન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦" છે. આવું નામ વાંચતા જ એવી ગેરસમજ થઈ શકે કે આ કાયદો ઈ. સ. ૨૦૦૦ માં જ અસ્તિત્વમાં આવ્યો છે. હકીકતમાં આ કાયદાની સદી પૂરાણી કથા છે.

ઈ. સ. ૧૮૯૭ માં ભારતની અંગ્રેજ સરકાર દ્વારા

"ધી રિફોર્મેટરી સ્કૂલ્સ એક્ટ" બનાવવામાં આવ્યો. આ કાયદાના આધારે બાળગુન્હેગારો સામે કાનૂની કાર્યવાહી થતી અને તેમને સુધારણા માટેની સ્કૂલમાં મોકલી દેવામાં આવતા હતા.

ઈ. સ. ૧૮૯૮ માં "કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર" નામનો કાયદો અમલી થયો. આની કલમ ૨૯૦-બી બાળગુન્હેગારોને લાગુ પડતી હતી.

ઈ. સ. ૧૯૭૩ માં કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર નું પુનર્ગઠન થતા કલમ ૨૯૦-બીનું સ્થાન કલમ ૨૭ ને મળ્યું.

ઈ. સ. ૧૮૯૮ના કાયદા નો આધાર લઈને "બોમ્બે ચિલ્ડ્રન એક્ટ" ઈ. સ. ૧૯૨૪માં અસ્તિત્વમાં આવ્યો.

આજ કાયદાના આધારે ઈ. સ. ૧૯૬૦ માં "ધી ચિલ્ડ્રન એક્ટ" તૈયાર થયો.

આ કાયદાના આધારે ઈ. સ. ૧૯૮૬ માં ધી જુવેનાઈલ જસ્ટિસ એક્ટ તૈયાર થયો.

જુવેનાઈલ જસ્ટિસ એક્ટનો ઉપયોગ માત્ર બાળગુન્હેગારો સામે કાનૂની કાર્યવાહી કરવા પૂરતો જ કરવામાં આવતો હતો. સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા બાળકોના અધિકારો માટે જે પરિષદ બોલાવવામાં આવી તેમાં લેવાયેલ નિર્ણયના ભાગરૂપે ઈ. સ. ૧૯૮૬ ના જુવેનાઈલ જસ્ટિસ એક્ટને રદ કરીને ઈ. સ. ૨૦૦૦ નો જુવેનાઈલ જસ્ટિસ એક્ટ દાખલ કરાયો.

**(ખાસ નોંધ : આંતરરાષ્ટ્રીય પરિબળોની ભલામણ, જેને પરોક્ષ દબાણ કહી શકાય, તેના હેઠળ જે કાયદાઓ બને તેમાં આપણી રાષ્ટ્રીય સંસ્કૃતિ, પરંપરાને નજર અંદાજ કરાય તે સહજ છે. કદાચ એવું લક્ષ્ય પણ છે.)**

ઈ. સ. ૨૦૦૦ ના ઉક્ત કાયદામાં વિશેષ કાળજી લેવા લાયક બાળકોના સંરક્ષણ માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. તદુપરાંત તેના અમલ માટે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની તથા ચાઈલ્ડ વેલફેર કમિટીઓની રચના કરવાની જોગવાઈ પણ સામેલ કરવામાં આવી છે.

કેટલીક સંસ્થાઓ Juvenile Justice (Care & Protection of Children) Act 2000 (amended in 2006) દ્વારા બાળદીક્ષાને પડકારે છે.

આ તદ્દન ગેરબંધારણીય અને ગેરવ્યાજબી પ્રયાસ છે. આ વાતને પૂરતા ધ્યાનથી સમજવી જરૂરી છે. રસ્તા પર રખડતાં ઘર વિહોણા કે પછી અપરાધી બાળકોના રક્ષણની જવાબદારી સરકારની છે તે અંગે આ કાયદો બન્યો છે. ઉક્ત કાયદાની પ્રસ્તાવનામાં આ વાત સ્પષ્ટ છે કે (i) Juveniles who are in conflict with law and (ii) Children in need of care and protection આ બે કક્ષામાં સમાતા બાળકોના રક્ષણ માટે આ કાયદો બન્યો છે. અને બાળ દીક્ષા લેનાર આ બેમાંથી કોઈમાં સમાતા નથી.

દીક્ષા ગ્રહણ કરતી વખતે જૈન સાધુ જે પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરે છે તે તેના જીવનમૂલ્યોને એવી ઊંચાઈએ લઈ

જાય છે કે ભવિષ્યમાં પણ તે child in conflict with law બનશે નહીં. એટલે બાળદીક્ષા ઉક્ત કાયદાના દાયરામાં આવી શકે તેમ નથી.

વળી, દીક્ષા ગ્રહણ કરનારની સંપૂર્ણ જવાબદારી તેના ગુરુ, શ્રીસંઘ લેતા હોય છે. અબજોપતિ શ્રીમંતો જેમને પૂજ્યભાવે નમતા હોય તેવા જૈન સાધુને in need of care and protection પણ કહી શકાય તેવું નથી.

આમ, ઉક્ત કાયદાના કવરેજમાં બાળ દીક્ષા આવી શકે નહીં. દયાપાત્ર માટે બનેલો કાયદો આદરપાત્ર વ્યક્તિને લગાડવાનો પ્રયાસ કરવો તે અવિવેક કહેવાય.

બાળગુન્હેગારો માટેનો આ કાયદો બાળ સાધુ-સાધ્વીજીને *લગાડવા માટે તે લોકો* આ કાયદાની કલમ-૨ ની પેટાકલમ-ડી નો આધાર લે છે. આ પેટાકલમમાં 'કાળજી અને સંરક્ષણની જરૂર અનુભવતાં બાળક' ની વ્યાખ્યા કરવામાં આવી છે. આ વ્યાખ્યા પ્રમાણે જૈન સાધુ-સાધ્વીજીનો તેમાં સમાવેશ કોઈ રીતે શક્ય બનતો નથી. આ તથ્ય સમજવા માટે આ પેટાકલમનું સંપૂર્ણ અવગાહન કરવું જરૂરી છે.

(ડી) 'કાળજી અને સંરક્ષણની જરૂર અનુભવતું બાળક' એટલે એવું બાળક જે...

(૧) કોઈ ઘર/આશ્રયવિહોણું હોય અને જેના નિર્વાહ માટે કોઈ દેખીતું સાધન ન હોય.

**(હકીકત : જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉતારા અંગે ખૂબ સારી વ્યવસ્થા હોય છે. 'ઉપાશ્રય' શબ્દ થી**

**પ્રચલિત આવા સ્થાનો માત્ર મુંબઈમાં ૨૦૦ થી વધુ છે. મોટા શહેરો ઉપરાંત ગામડાઓમાં તથા હાઈવેના વિહારરૂટ પર પણ ઠેર ઠેર વિહારધામો ઊભા છે. કોઈ શ્રીમંત શ્રેષ્ઠીના ઘર કરતા પણ મોટા ઉપાશ્રયો આ સાધુ-સાધ્વીજી મ. સા.ને રહેવા માટે પ્રાપ્ત થાય છે.)**

(૨) તે બાળક કોઈ એવી વ્યક્તિ સાથે રહે (જે બાળકના વાલી હોય કે ન પણ હોય) જેણે –

(એ) બાળકને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોય અને તેની ધમકીનો અમલ થવાની પૂરી સંભાવના જણાતી હોય, અથવા

(બી) જેણે અન્ય કોઈ બાળકને મારી નાંખ્યું હોય, સતાવ્યું હોય કે તેની બાબતમાં બેદરકારીનું સેવન કર્યું હોય અને આ બાળકને પણ તે મારી નાંખે, સતાવે કે બેદરકારી દાખવે તેવી પૂરી સંભાવના હોય.

**(હકીકત: સંપૂર્ણ અહિંસામય, પરપીડારહિત જીવન જીવતા જૈન સાધુ-સાધ્વીજીને આ કલમ લાગુ ન જ પડે તે સ્પષ્ટ છે.**

(૩) જે બાળક માનસિક કે શારીરિક રીતે વિકલાંગ હોય, અથવા માંદુ હોય અથવા તે કોઈ અસાધ્ય / જીવલેણ બિમારીથી પીડાતું હોય અને તેની સાર સંભાળ રાખનાર કોઈ ન હોય.

**(હકીકત: આ કલમ પણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને લાગુ ન પડી શકે તે સ્પષ્ટ છે. વિકલાંગ કે અસાધ્ય બીમારીથી પીડિત હોય તેને દીક્ષા અપાતી નથી. અને દીક્ષા લીધા બાદ કર્મના ઉદયથી કોઈ પણ**

**તકલીફ આવી હોય તો ત્યારે તે ઘર કરતા વિશેષ સચવાય છે.)**

(૪) જે બાળકના વાલી/મા-બાપ હયાત હોવા છતાં પણ તે બાળકની કાળજી લેવા સક્ષમ/યોગ્ય ન હોય.

**(હકીકત: જે બાળકોના મા-બાપ વિકલાંગ હોય અથવા ગંભીર માંદગી કે ગાંડપણથી પીડિત હોય તે બાળકો માટેની આ કલમ પણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને લાગુ ન પડી શકે. કારણ કે તેમની કાળજીમાં તેમના ગુરુ, સહવર્તી વૃન્દ, સંસારી સ્વજનો અને સમગ્ર સંઘ કટિબદ્ધ અને પ્રતિબદ્ધ છે.)**

(૫) જે બાળકના કોઈ મા-બાપ ન હોય અને જેની કાળજી લેવા કોઈ તૈયાર ન હોય અથવા તો જે બાળક પોતાના માતા-પિતાને છોડીને ભાગી ગયું હોય અને ઘણી તપાસ કર્યા પછી પણ જેના મા-બાપનો કોઈ પત્તો લાગતો ન હોય.

**(હકીકત: ઘર છોડીને ભાગી ગયેલા, રસ્તા પર કચરાપેટીમાંથી પોતાનો ખોરાક શોધતા, ફૂટપાથ પર કે ફ્લાય ઓવર બ્રિજ નીચે પડ્યા રહેતા બાળકો માટે આ કલમ છે જે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને લાગુ ન જ પડી શકે કારણ કે તેમની કાળજી લેનારા તમામ પરિબળો/સવલતો વિદ્યમાન છે. અને આ કોઈ ભાગેડું બાળક નથી હોતું.)**

(૬) જે બાળક જાતીય સતામણીનો અથવા ગેરકાયદેસર કૃત્યનો ભોગ બને, અથવા જેને ત્રાસ આપવામાં આવે કે જાતીય શોષણ કરવામાં આવે તેવી સંભાવના હોય.

**(હકીકત: કૂટણખાનાઓમાં સબડતી બાળવેશ્યાઓ અને ડ્રગ્સના ધંધામાં સબડતા બાળકો માટે આ કલમ છે. તેને બાળ સાધુ-સાધ્વીજી ભગવંતને કઈ રીતે લાગુ પાડી શકાય? માત્ર મુંબઈ જેવા શહેરમાં હજારો બાળવેશ્યાઓ સબડે છે તેના કલ્યાણ માટે મૌન રહીને કોઈ એકાદ બે બાળદીક્ષિત ના કલ્યાણમાં(?) બિનજરૂરી હસ્તક્ષેપ કરવા દ્વારા જ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) ને કાર્ય સંતોષ થાય છે?)**

(૭) જે બાળક નિરાધાર છે અને જેનો ઉપયોગ ડ્રગ્સના સેવન કે વિનિમય માટે થઈ શકવાની સંભાવના છે.

**(હકીકત: આ કલમ પણ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો માટે તદ્દન અપ્રસ્તુત છે તે સ્પષ્ટ છે.)**

(૮) જે બાળકનો અનૈતિક પ્રકારે લાભો મેળવવા માટે દુરુપયોગ કરવામાં આવે તેવી સંભાવના હોય.

**(હકીકત: આ કલમ પણ અતિ ઉચ્ચ જીવન જીવતા જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને લાગુ પડતી નથી.)**

(૯) જે બાળક શસ્ત્રાધારિત હુમલો, કુદરતી હોનારત કે આંતરિક યુદ્ધનો ભોગ બન્યા હોય.

**(હકીકત: આ કલમ આતંકવાદ, ભૂકંપ, પૂર, દુષ્કાળ વગેરે તથા યુદ્ધમાં અસરગ્રસ્ત બનતા બાળકો માટે છે. જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોને આ કલમ પણ લાગુ ન પડે તે સ્પષ્ટ છે.)**

આ સમગ્ર કાયદાનું કલેવર જોતા જ ખ્યાલ આવી જાય છે કે બાળગુન્હેગાર, બાળવેશ્યા, અનાથ, રખડતા બાળકો, ભૂખ્યા અને નિરાધાર બાળકો કે શોષિત

બાળકોના કલ્યાણ માટે જ આ કાયદો બન્યો છે.

લોકોમાં અત્યંત પૂજ્યતા ધરાવતા આદરણીય જૈન સાધુ-સાધ્વીજીને આ કાયદો કઈ રીતે લાગુ કરી શકાય?

કાયદો ખરેખર જેમના માટે બન્યો છે તેવા બાળકોના કલ્યાણ માટેની જ સત્તા ચાઈલ્ડ વેલફેર કમિટીને આપવામાં આવી છે. આવા લાખો બાળકોનું કલ્યાણ કરવું જરૂરી પણ છે. ચાઈલ્ડ વેલફેર કમિટી પોતાની મર્યાદામાં રહીને ત્યાં જ લક્ષ્ય કેન્દ્રિત કરીને કાર્યરત રહે અને બાળદીક્ષા જેવી બાબતો માં અનધિકૃત હસ્તક્ષેપ ન કરે તે યોગ્ય ગણાશે!

# સાવધાન !

ભારત એક કૃષિપ્રધાન અને ઋષિપ્રધાન દેશ છે.

ભારતના સંસ્કારો અને સમૃદ્ધિનું એ મૂળ છે.

ભારત એટલે સમૃદ્ધિનું સરનામુ !

ભારત એટલે સંસ્કારોનું સરનામુ !

દેશની ભૌતિક સમૃદ્ધિનું મૂળ : કૃષિ પરંપરા.

દેશની આધ્યાત્મિક સમૃદ્ધિનું મૂળ : ઋષિ પરંપરા.

ગાય-ગોવંશની કતલ, ગોચર જમીનોનો નાશ વગેરે દ્વારા કૃષિ પરંપરા નબળી પડી રહી છે. કાયદાઓ અટપટી રીતે સર્જીને ઋષિ પરંપરાને રુંધવાનો પણ પ્રયાસ થઈ રહ્યો છે.

સ્વાતંત્ર્ય મળ્યા બાદ અને વૈશ્વિકરણ થયા બાદ પ્રગટપણે એવું જણાય છે કે ભારતમાં ભારતીયતાથી જુદી પડતી નીતિઓ, કાયદાઓ ઘડાય છે. આંતરરાષ્ટ્રીય જોડાણ અને દબાણ અહીં ચોક્કસપણે કારણ હોઈ શકે છે.

ઈન્ટરનેશનલ ચાઈલ્ડ કન્વેન્શનમાં ભારતે સહી કરી છે એટલે બાળકો અંગેના આંતરરાષ્ટ્રીય ધોરણોને ખ્યાલમાં રાખીને જ ભારત સરકારે પણ બાળકો અંગેનું નેશનલ ચાર્ટર બનાવ્યું છે. જેમાં કોઈ બાળક માંદું, ભૂખ્યું કે અભણ ન રહે તે મુખ્ય ઉદ્દેશ જણાવાયો છે. તે ચાર્ટરના આધારે દરેક રાજ્ય સરકાર પણ પોતાની સ્વતંત્ર (છતાં તેને અનુસરતી) ચાઈલ્ડ પોલિસી બનાવી શકે છે. આવી બાળનીતિમાં બાળહિતની રૂપકડી વાતો સાથે ક્યાંક છૂપી

સુરંગ બિછાવેલી હોવાની શક્યતા રહેલી છે. જેમકે 'કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિ કે પરંપરા બાળકનાં બાળપણ ભોગવવાની આડે ન આવે' તેવી વાત મૂકીને બાળકને મળતા ધાર્મિક સ્વાતંત્ર્ય પર કાતર ફેરવવાનું થઈ શકે છે.

કાયદાની કલમમાં ચાલાકીથી બે-ચાર શબ્દો એવા ગોઠવી દેવાતા હોય છે કે જેનાથી થતા નુકસાનનો અંદાજ આવે ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. જેમકે, કોઈ એમ કહે કે 'બાળકનું કોઈ પણ જાતનું શોષણ ન થવું જોઈએ' તો તે વાત કેવી સારી લાગે! પણ, અહીં શોષણના પ્રકારોમાં 'Spiritual Exploitation' શબ્દ વાપરીને છળ થઈ શકે.

બાળકને પાપનો ખ્યાલ આપીને ફટાકડા ફોડતો અટકાવો તો તેને પણ spiritual exploitation ગણી શકાય! બાળક કોઈ તપશ્ચર્યા-ઉપવાસ-રોજા કરે તો તેને પણ religious/spiritual exploitation કહી શકાય.

બાળકને પાપનો ખ્યાલ આપીને કોઈ પણ સારા સંસ્કાર આપવામાં આવે અને જો તે મોજશોખથી દૂર રહે તો તે Spiritual Exploitation છે એમ કહી શકાય!

બાળક બસ, પોતાનું બાળપણ આનંદથી માણે! તેમાં આવા કોઈ ધાર્મિક ખ્યાલો વચ્ચે અવરોધ ખડો કરે તે ન ચાલે! આમાં બાળકના ધાર્મિક સ્વાતંત્ર્ય પર અને બાળસંસ્કારણની સમગ્ર પરંપરા પર છીણી ફેરવવી હોય તો તેના માટેનું પ્લેટફોર્મ તૈયાર કરીને ગોઠવી દીધેલું હોઈ શકે છે.

બાળકો અંગેના બનતા કાયદાઓમાં આવી છેતરામણી જાળ બિછાવી દેવાની આંતરરાષ્ટ્રીય ચાલની ગંધ આવે છે.

દરેક દેશની અલગ પરંપરા હોય છે.
દરેક દેશની અલગ જીવનશૈલી હોય છે.
દરેક દેશનું અલગ કાયદાકીય માળખું હોય છે.
દરેક દેશની અલગ અલગ આબોહવા હોય છે.

પછી, આખા વિશ્વને એક જ સરખી નીતિ (અને તે પણ માત્ર પશ્ચિમી!) અને એક જ કાયદાથી હંકારવું શક્ય ન બની શકે.

આવી સીધી સમજ હોવા છતાં શબ્દ છળના માધ્યમે આપણે અજાણતા બંધાઈ જઈએ છીએ અને જાણ થાય ત્યારે ઊંઘતા ઝડપાઈ જઈએ છીએ!

# જૈન સાધુનું આદર્શ જીવન

- વનસ્પતિનું એક પાંદડું તોડવું નહીં, વનસ્પતીને અડવું પણ નહીં.
- પાણીનો જરૂર પૂરતો જ વપરાશ. (તે પણ અચિત જળ)
- વાહન અને વિદ્યુત નો વપરાશ નહીં.
- હિંસા–જૂઠ–ચોરી–અબ્રહ્મચર્ય–પરિગ્રહ–શોષણ–અત્યાચાર જેવી બાબતોનો સદંતર ત્યાગ.
- ક્રોધ–અભિમાન–કપટ–લાલચ–સ્વાર્થ–ઈર્ષ્યા વગેરે આંતરિક દુર્ગુણોને દૂર કરવાનો સઘન પ્રયાસ.
- કુદરતી સંપત્તિ–નેચરલ રિસોર્સિસ (ષટ્કાય)નો કોઈ રીતે વિનાશ કરવાનો નહીં.
- સાથે રહેનારા–સહવર્તી શ્રમણ–શ્રમણી સાથે ખૂબ આત્મીયભાવે રહેવું, પરસ્પર સહાયક બનવું.
- માંડલીમાં એક સાથે મળીને દરેકે ભોજન કરવું. (આજે આ પ્રથા કુટુંબ ભાવના વધારનારી ગણાય છે, છતાં કુટુંબોમાં સચવાતી નથી.)
- વડીલોનો વિનય–આદર કરવો.
- ઉપસ્થિત થનારા સેંકડો લોકોનાં જીવનમાં ગુણવિકાસ થાય તેવી મૂલ્યશિક્ષા આપવી... ઉપદેશ આપવો.

- ❑ વૃદ્ધ-માંદા મા-બાપને ઘરમાં કૃતજ્ઞભાવે સાચવવા તથા કુટુંબના નાના-મોટા નબળાને ટેકો આપવો. પોતાના સાધાર્મિક બંધુ પ્રત્યે લાગણી ભર્યો વ્યવહાર રાખવો એવા જીવનમૂલ્યો સહુને શીખવે છે.
- ❑ પોતાના જીવન ઉત્કર્ષની સાથે જ જૈન સાધુ-સાધ્વીજી દ્વારા સમાજ પ્રત્યે થતો પરોપકાર પણ માપ બહારનો છે.
- ❑ એક અંદાજ મુજબ રોજ ઓછામાં ઓછા એક હજાર સ્થળોમાં જૈન શ્રમણ-શ્રમણીઓના પ્રવચનો ચાલતા હશે. જેના માધ્યમથી સાંભળનારા હજારો-લાખો લોકોના જીવનમાં ગુણવિકાસ અને જ્ઞાનવૃદ્ધિ થતી હોય છે.
- ❑ પગે ચાલીને વિહાર કરવાનાં કારણે જૈન મુનિઓ અંતરિયાળ ગામો સુધી પહોંચી શકે છે તેથી ગામોને પણ આ લાભ મળે છે.
- ❑ નાની ઉંમરે દીક્ષા લઈને વર્ષો સુધી ધારદાર જ્ઞાનાભ્યાસ કરીને તૈયાર થયેલા પ્રભાવક, લેખક, પ્રવચનકાર મુનિઓની સંખ્યા નાની નથી. તેમના ઉપદેશથી હજારો નબળા પરિવારોને પોષણ મળી રહે તેવી વ્યવસ્થા જૈન સંઘો, શ્રેષ્ઠીઓ, ફાઉન્ડેશનો દ્વારા ઘણા સ્થળોમાં ચાલતી રહે છે. કરોડોનો સદ્વ્યય દર વર્ષે આ રીતે મુનિઓની પ્રેરણા-માર્ગદર્શનથી થતો રહે છે.
- ❑ ક્ષમા-મૈત્રીભાવના ઉપદેશો થકી અનેકના જીવનનાં વેર ઝેર શમાવે છે.

- સાધુના ઉપદેશથી લોકો કરૂણા-દયા વગેરે ભાવોથી ભાવિત બને છે અને પછી તેમના દ્વારા અબોલ પશુઓના ઘાસચારા, ગરીબોની દયા, ઠેકઠેકાણે ચાલતા ગરીબો માટેના ખીચડી ઘરો, સદાવ્રતો, છાશકેન્દ્રો દ્વારા રોજના હજારોને હાશકારો મળે છે.
- કુદરતી આફતો વગેરે પ્રસંગોમાં પણ જૈન મુનિઓનું સમયોચિત માર્ગદર્શન ગજબના કાર્યોનું બીજ બને છે.
- આજે સેંકડો હજારો પ્રાચીન શાસ્ત્રગ્રંથો અને સંસ્કૃત-પ્રાકૃત ભાષા પણ જો ટકી શક્યા હોય તો તે જૈન મુનિઓને આભારી છે. હજારો શ્રમણ-શ્રમણીઓ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઊંડા જાણકાર હોવા ઉપરાંત સર્જક પણ છે. લાખો નવા શ્લોકો સર્જાયા પણ છે અને રક્ષાયા પણ છે. આ બધો શ્રેય તેઓને જ આપવો પડે. તેમાં પણ બાળવયે દીક્ષિત થનારા આવા કાર્યમાં શિરમોર હોય છે !
- શરીરની ટાપટીપથી પર થઈને આત્માની ગુણ સજાવટમાં તત્પર હોય છે.

કલ્યાણ અને કરૂણાના ખળખળ વહેતા ઝરણા જેવા દીક્ષા ધર્મની આ બલિહારી છે. તેમાં હું અંતરાયરૂપ કોઈ પણ રીતે નહીં બનું.

આવો માર્ગ સહુને મળો !...

સહુને ફળો !...

એવી સદ્‌બદ્ધિ સહુને મળો !

# બાળદીક્ષા અંગે કોર્ટના ચુકાદા
# (તારણ)

**Lakhamsi Umarshi Furia @ Shah & others**

V/s

**The Union of India**
writ Petition No. 3272 of 2004
Bombay High Court માં Division bench નો ચુકાદો

By this Petition, the Petitioners seek interference by the State in the matter of religious practice by Jains in Maharashtra in particular and in India in general. The practice of Balsanyas or becoming Sadhvi or Sadhu is an accepted practice for several centuries amongst those who follow the Jain sect. The sect itself provides for renunciation of Sanyasi status on the child attaining majority. The parents of the child are willing for such religious function. The right to practice religion is available to a child also. This is not a case where complaint is made by a child or on behalf of the child that he is being forced to do or take Balsanyas. This aspect has been dealt with by a Division Bench of Rajasthan High Court in 1998 where these rights to practice religion were squarely considered. In such circumstances,

the present Petitioners have no locus standi to maintain this Petition. It is, therefore, dismissed.

Shrimant Kumar Vyas

V/s

State of Rajasthan
S.B. Civil writ Petition No. 815 of 1997 Rajashtan High Court ના ચુકાદામાંથી સાભાર...

In my opinion, making of such petition by an educated person like Mr. Vyas is un-healthy happening in the life of a progressing Country. India has a written Constitution, where practicing, of religion is conferred as a fundamental right on the citizens of India. Probably, present petition is only one in the entire country, filled as public interest Litigation, to prevent exercise of fundamental right. No such petition can be entertained for such purpose.

# ભલામણ

બાળહિત એક ઊંચી ભાવના છે. તે જેમના પણ હૈયે વસી હોય તેની કદર કરીએ. બાળકના એકાંગી હિતને બદલે સર્વાંગીણ હિતના દૃષ્ટિકોણને પણ સમજવાની કોશિશ કરીએ ખુલ્લા મનથી...

Mind is like a Parachute. It work's only when it is open.

કોઈ પણ સત્ય સુધી પહોંચવાનો આ માર્ગ છે. પ્રાસંગિક પ્રશ્નોથી સર્વકાલીન સત્યોને પડકારવાને બદલે ઉકેલવાનો પ્રયત્ન વધુ આદરણીય ગણાય.

સજાનું શાસ્ત્ર એમ કહે છે કે ૧૦૦ ગુનેગાર ભલે છૂટી જાય પણ એક નિર્દોષને સજા ન થઈ શકે!

સદીઓને અજવાળે તેવા એકાદ મહાપ્રભાવકને અટકાવી દે તેવા અભિપ્રાયને જરૂરથી દેશવટો આપીએ.

જો
પૂર્વગ્રહ અને પક્કડનો અંશ
ભળેલો ન હોય તો
બુદ્ધિની લડાઈનું સૌંદર્ય
અદ્‌ભુત હોય છે !

ખેલદિલી પૂર્વકની
બુદ્ધિની લડાઈમાં
જીતવાની જેટલી મજા હોય છે
તેટલી જ
હારવાની પણ હોય છે !
કારણ કે,
આખરે તો બન્ને પક્ષનું ધ્યેય
સત્યને પામવાનું હોય છે...

ચાલો, માણીએ
આવી જ એક બુદ્ધિની લડાઈનું
અદ્‌ભુત સૌંદર્ય...
જે સંગ્રામનો વિષય છે :

**બાળદીક્ષા ...**